અનેક વૈદ્યક ગ્રન્થોના સત્વરૂપ, સેંકડો વખત અનુભવમાં
સિધ્ધ થએલા ઉત્તમ પ્રયોગોનો સંગ્રહ

વૈદ્યક ચિકિત્સા સાર.

(ભાગ ૧લો.)

લેખક અને પ્રકાશકઃ—
આયુર્વેદાચાર્ય વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર.
આચાર્યઃ શ્રીધન્વન્તરિ આયુર્વેદ વિદ્યાલય,
માલેકઃ ધી કોહીનુર કેમીકલ વર્કસ.
તંત્રી. 'આરોગ્ય સિન્ધુ' કરાચી.

સને ૧૯૨૫ પ્રત ૧૦૦૦ સંવત ૧૯૮૧

મુલ્ય આના બાર.

તરૂણ-સાગર પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ પ્રકાશકને
માટે છાપ્યું, કેમ્પબેલ સ્ટ્રીટ,-કરાચી.

વૈદ્યક ચિકિત્સાસાર.

વૈદ્યો, ચિકિત્સકો, ડાકટરો અને આયુર્વેદ પ્રેમી સર્વ સજ્જનોને બહુજ ઉપયોગી થનાર અમૂલ્ય ગ્રન્થ

આ પ્રથમ ભાગના

અનુસંધાનમાં

બીજો ભાગ.

પ્રેસમાં જવા માટે તૈયાર થઇ ગયો છે તે વાંચવાને ચુકશો નહિ.

કારણ કે તેમાં ઘણાંજ અમૂલ્ય અને અનુભવવા લાયક પ્રયોગો લખાયા છે.

[આ ગ્રન્થ વાંચી રહયા પછી તમારો મત આ ગ્રન્થને માટે શું છે તે અમોને લખશો કે ?]

પરમ સ્નેહાંકિત્

શ્રીયુત્ ખીમજીભાઈ શીવજી પટેલ

નિવાસ સ્થાન, કરાચી.

આપ મારા એક સ્નેહી અને જુના મિત્ર છો. આપની મારા દરેક કાર્યો પ્રત્યે સારી લાગણી છે આપે આરોગ્ય સિન્ધુને બીજા વર્ષમાં સારી સહાયતા આપી આપની વિદ્યા વૃદ્ધિ અને જનસેવા પ્રત્યે જે શુભ લાગણી છે તે સિધ્ધ કરી બતાવી હતી. વળી આપ આપની જ્ઞાતિમાં એક આગેવાન સુધારક, સદ્‌વિચાર ધરાવનાર સુખી શ્રીમંત છો તેમજ આપની લાગણી, સદ્ વિચારોને ફેલાવવા દુઃખી જનોની જરૂરિયાતોને બનતી મદદ કરવા પ્રત્યે હમેશા સારી રહે છે તે સર્વ આપના શુભ વિચારોને લક્ષ્યમાં લેતાં આપનું મુબારક નામ મારી આ પ્રથમ કૃતિમાં કાયમ રહે તે માટે હું આપને આ પ્રથમ પુષ્પ વૈદ્યક ચિકિત્સાસાર અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી૦ હું છું આપનો હમેશનો મિત્ર

વૈદ્ય ગોપાલજી ઠક્કુર.

પ્રસ્તાવના.

ચાલુ જમાનામાં વૈદ્યક શિક્ષણના અભાવે આપણા દેશમાં અનેક પ્રકારના રોગો ફેલાય છે અને તેથી લાખો જનસંખ્યા અકાળે મરણને શરણ થાય છે વળી અનેક મનુષ્યો રોગથી પીડાય છે તેમજ સમય અને પૈસાનો ખર્ચ પણ ઘણો મોટો એ દિશામાં થઇ જાય છે. આ સર્વ થતું અટકાવવાનો મુખ્ય ઉપાય એજ છે કે આરોગ્ય અને વૈદ્યક શિક્ષણનો પ્રચાર જેમ બને તેમ મોટા પ્રમાણમાં કરવાની જરૂર છે. પરંતુ આવા પવિત્ર કાર્યને માટે ભારત વર્ષમાં ગણ્યા ગાંઠ્યા ચિકિત્સકોજ સાહસ ખેડી આ કાર્ય કરે છે. જ્યારે મોટો સમુદાય કેવળ રોગોના ઉપાય કરી પોતાની આજીવીકા ચલાવી પૈસા સંચય કરવામાંજ રોકાયલો દેખાય છે. ચિકિત્સકોની પહેલી ફરજ તો એ છે કે જેમ બને તેમ લોકોને રોગના પંજામાં સપડાતા બચાવવા; પરંતુ દુઃખની વાત છે કે જેવી રીતે વૈદ્યક જાણનાર સમુદાય આ બાબતમાં સુસ્તી બતાવે છે તેવીજ રીતે જનસમાજ પણ ઘણીજ બેદરકારી રાખી હેરાન થયા કરે છે.

એકાદ કુટુંબમાં વૈદ્યક જ્ઞાનનો પ્રચાર કરવાથી કાર્ય પુરેપુરૂં થઇ જાય તેમ નથી. પરંતુ આખા જનસમાજને એ શિક્ષણ મળે તેવી રીતે તેનો પ્રચાર કરવાની જરૂર છે. ગુજરાતમાં માત્ર બે ચાર વૈદ્યકનાં માસિક પત્રો પ્રગટ થાય છે અને તે સર્વ ઘણે ભાગે ખોટ વેઠીને પ્રગટ થતાં જણાય છે. માસિક પત્ર વડે વૈદ્યકના પવિત્ર વિચારોનું વાતાવરણ ઘેરઘેર દરેક મનુષ્યને પહોંચતું કરવાનું બની શકે એમ છે જેથી મેં મારા તે વિચારોને અમલમાં મુકવા આજે ચાર વર્ષ થયાં કરાચીમાંથી "આરોગ્ય સિન્ધુ" નામનું ગુજરાતી વૈદ્યક માસિક પત્ર પ્રગટ કરવાની શરૂઆત કરી છે. અનેક નાનાં મોટાં કષ્ટો ઉઠાવી ખર્ચનો મોટો બોજો સહન કરી બનતી નુકશાનીના ભોગે આ પત્ર શરૂ કર્યું અને હજી પણ એવીજ દશામાં ચાલુ છે. જ્યાં સુધી મોટી સંખ્યામાં ગ્રાહકો ન થાય ત્યાં લગી આવા સાહસની ફતેહમંદી ઘણીજ ઓછી ગણાય એ સ્વભાવિકજ છે.

ત્રીજા વર્ષના ગ્રાહકોને ભેટ આપવા માટે આ વૈદ્યક ચિકિત્સા સાર નામનું પુસ્તક આજે છપાઇને તૈયાર થાયછે. અને એ પુસ્તકમાં આશરે સવાસો જાતની આયુર્વેદિક શાસ્ત્રિય તેમજ અનુભવી બનાવટો કે જેને અમોએ અનેક વખત બનાવી વાપરી ખાત્રી કરી તે સત્ય તથા સારી જણાતાં તેનોજ લાભ અમારા ગ્રાહકોને તથા સમાજને માટે કંઇ પણ સંકોચ ન રાખતાં પવિત્ર દીલથી સ્પષ્ટ લખી બને તેટલી સરળ ભાષાથી તૈયાર કર્યું છે. જો કે માસિક પત્રમાં ખોટ ખમી તે ચલાવીએ છીએ છતાં આવું ઉપયોગી ભેટનું પુસ્તક પણ આપી અમો અમારા ગ્રાહકોની બને તેટલી સેવા કરવાનું ભાગ્ય સમજીએ છીએ. હવે ગ્રાહકો પણ આ કાર્યમા બને તેટલી મદદ કરવા પત્રને મોટા કદનું બનાવવા ધારે તો ગ્રાહક વધારી મદદ કરી શકેછે.

આ પુસ્તક આશરે ત્રણ ભાગમાં પુરૂં થાય તેમ છે. પ્રથમ કરતાં પણ બીજામાં વધુ સારી અને ઉપયોગી બનાવટોનો સંગ્રહ છે. વળી તે ભાગ ૧૯૨૫ના વર્ષમા જે આરોગ્ય સિન્ધુના ગ્રાહકો હશે તેને ભેટમાં મળશે. ત્રીજો ભાગ ૧૯૨૬ના ગ્રાહકો માટે તૈયાર થવાનો છે એ રીતે ત્રણે ભાગમાં આશરે ચારસો દવાઓની બનાવટનું એક સુંદર પુસ્તક તૈયાર થઇ જતાં તે ઘણુંજ ઉપયોગી થઇ પડશે એમ અમારૂં માનવું છે. જો કે વૈદ્યકના અનેક ગ્રન્થો પ્રગટ થયા છે પરંતુ આવા નાના કદમાં એકજ વિષયનો ખાસ જરૂરનો બની શકે અને વાપરવામાં કામ આવે તેવાજ ઉપાયોનો સંગ્રહ ગ્રન્થ અનુભવી વૈદ્યને હાથે હજી સુધી બહાર પડેલો અમોએ જોયો નથી જેથી અમોને ખાત્રી છે કે વૈદ્યોને, ડોકટરોને અને ગૃહસ્થોને તેમજ દેશી ચિકિત્સાનું રહસ્ય જાણનારને તે બહુજ મદદગાર થઇ પડવા સંભવ છે.

થોડાક અંગ્રેજી બનાવટના નુસ્ખા પણ ઉપયોગી થઇ પડે ને તે વૈદ્યો બનાવી વાપરે તેવા હેતુથી આમા કયાંક દાખલ કર્યા છે આશા છે કે તે પણ લાભદાયક થઇ પડશે. મારા આ પ્રથમ પ્રયત્નમાં કયાંક હસ્તદોષ, ભાષાદોષ કે કે પ્રુફની ભૂલ જણાય તો અનુભવીઓએ મને તે બતાવી દેવા સૂચના કરવી કે જેથી તેનો બીજીવાર સુધારો કરી લેવાય. ઇતિશિવમ્.

આપનો સેવક

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર.

સાંકળીયું.

એ શિવાય પરિશિષ્ટ ૧ લું કે જેમાં દવાઓના તોલ માપનું કોષ્ટક તથા માત્રાનું કોષ્ટક તેમજ કેટલીક અગત્યની સૂચનાઓ લખવામાં આવી છે.

श्रीधन्वन्तरये नमः

વૈધક ચિકિત્સાસાર.

(ભાગ ૧લો.)

૧ સુગંધી પવિત્ર ધૂપ.

બનાવટ—વાળો શેર ૦।	સુખડ શેર ૦।
લોબાન કોડીઓ શેર ૦॥	ગુગળ શેર ૦॥
ખમસ શેર ૦।	હરમર શેર ૦॥
વજ તોલા ૧૦	કપુર કાચડી શેર ૦।
કચુરો શેર ૦॥	બાબચી તોલા ૧૦
અગરના છોડા શેર ૦।	દેવદારનો ભુકો શેર ૦॥
લીંબડાના પાનનું ચૂર્ણ શેર ૦॥	મોથ શેર ૦॥
પાનડી શેર ૦।	ગુલાબના ફુલ શેર ૦।

રીત—દરેક વસ્તુને અધકચરી ખાંડી સાથે મેળવી એક ડબામાં ભરી લેવું.

ઉપયોગ—હવા શુદ્ધિ માટે તથા જંતુઘ્ન તરીકે આ ધૂપને અગ્નિ (ધગધગતા કોલસા) ઉપર છાંટવાથી તેનો પવિત્ર ધુંવાડો મગજને ફાયદો કર્તા તથા હવાને શુદ્ધ કર્તા થાય છે. ખરાબ હવા શુધ્ધ થાય છે.

સમય—દરરોજ સવાર સાંજ રહેઠાણની જગાએ ધુપ કરવો. અથવા ખરાબ હવા જ્યાં ચાલતી હોય ત્યાં દરરોજ આખો વખત વાપરવો

૨ મંજીષ્ઠાદિ ચૂર્ણ.

બનાવટ—મજીઠ તોલા ૨ાા	ગુલાબનાં ફુલ તોલા ૨ાા
„ હરડે તોલા ૨ાા	મીંઢીઆવળના પાન તો ૧૦
નસોતર તોલા ૨ાા	સાકર તોલા ૪૦

રીત—દરેક વસ્તુનું બારીક ચૂર્ણ લઇ સાથે મેળવી કપડેથી ચાળી એક બાટલીમાં ભરી ગખવું.

પ્રમાણ—ાથી ાા તોલો.

અનુપાન—પાણી કે દૂધ.

સમય—દિવસમાં બે વખત સવારે અને સાંજે.

ઉપયોગ—લોહીબિગાડ, ઉપદંશ, ખસ, ખરજવું, જુનીકબજીઆત, ઉદરરોગ, મંદાગ્નિ, જીર્ણજ્વર, વગેરેમાં શુધ્ધિ કરવા માટે વપરાય છે.

---

૩ ગંધક યોગ.

બનાવટ—શુદ્ધ ગંધક તોલા ૨ાા હીમેજ તોલા ૨ાા
સાકર તોલા ૫.

રીત—સર્વ વસ્તુઓનું બારીક ચૂર્ણ લઇ પ્રથમ ખરલમાં ગંધક નાખી તેમાં હીમેજ તથા સાકર ધીમે ધીમે નાંખી મેળવી ઘુંટી બાટલી ભરી લેવી.

પ્રમાણ—બે આનીથી ચાર આની ભાર.

સમય—સવાર સાંજ બે વખત કે રાત્ર સુતી વખતે.

ઉપયોગ—ખસ, ખુજલી, ગુહ્ય ભાગની ખંજવાળ, ચળ, લોહિ બિગાડ વગેરે માટે રકત શોધક તથા મળ શોધક તરીકે સારો ફાયદો આપે છે. અને જુલાબ સાફ લાવે છે.

પરેજી—આ દવા ઉપર સાધારણ પરેજી પાળવી કારણ કે તેમાં ગંધક આવે છે.

---

૪ પંચસમ ચૂર્ણ.

બનાવટ—હીમેજ તોલા ૫ | નસોતર તોલા ૫
મરી તોલા ૫ | શુંઠ તોલા ૫
પીપર તોલા ૫.

રીત—દરેક વસ્તુઓનું સાથે ખાંડીને ચૂર્ણ બનાવી લેવું.

પ્રમાણ—તોલો ૦ાથી ૦ા સુધી.

સમય—જરૂર જણાય ત્યારે અથવા રાતે સુતી વખતે.

અનુપાન—નવશેકું પાણી કે ચહા.

ઉપયોગ—આફરો, શુળ, વાયુ, કબજીઆત, આમવાયુ, ચૂંક મોળ. ઉદરરોગ, સાંધાનુ વાયુ, મંદાગ્નિ, જીર્ણજ્વર વગેરેમાં પેટ સાફ કરવા આ દવા વાપરી શકાય છે. તેનાથી એક બે પેટ સાફ આવે છે.

---

૫ સ્વાદિષ્ટ વિરેચન.

બનાવટ—શુદ્ધ ગંધક તોલા ૨ાા | વરેઆરી તોલા ૨ાા
જેઠીમધ તોલા ૨ાા | મીંઢીઆવળ તોલા ૭ાા
સાકર તોલા ૧૫

રીત—દરેક વસ્તુનું પ્રથમથી બારીક ચૂર્ણ જુદું જુદું બનાવી લઇ તેને પ્રથમ ખરલમાં ગંધક નાંખી તેમાં એકેક વસ્તુ નાંખતા જવું અને મેળવતા જવું બધી વસ્તુઓ બરાબર મળી જાય ત્યારે બાટલી ભરી રાખી મુકવું.

પ્રમાણ—૦ાથી ૦ાા તોલા સુધી.

સમય—જરૂર જણાય ત્યારે અથવા તો રાતે સુતી વખતે.

અનુપાન—નવસેકું કે સાદું પાણી.

ઉપયોગ—લોહિ વિકાર, હરસ. કબજીઅત, મરડો, ખસ. ખોટી ગરમી વગેરેમાં **મળશુદ્ધિની** જ્યાં જરૂર જણાય ત્યાં આ **આ સાદા જુલાબ તરીકે મીઠી ફાકીના** નામથી છુટથી **વૈદ્યો** વાપરેછે. તેનાથી એક કે બે પેટ સાફ આવે છે.

---

૬ સિતોપલાદિ ચૂર્ણ.

બનાવટ—તજ તોલો ૧   એલચી તોલા ૨
પીપર જીણી તોલા ૪   વંસલોચન તોલા ૮
સાકર તોલા ૧૬.

રીત—દરેક વસ્તુઓને જુદા જુદા ખાંડી સાથે મેળવી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—વાલ ૪ (બે આની ભાર)

અનુપાન—મધ ઘી કે દુધ સાથે.

સમય—સવાર સાંજ બે વખત અથવા મરજી મુજબ.

ઉપયોગ—ખાંસી, તાવ, જીર્ણજ્વર, રક્તપિત, ખાંસીમાં પડતું લોહી, ઉરઃક્ષત, ક્ષય, બાળકોની નબળાઇ, ગળાનો વરમ, ક્ષીણતા, શરદી, વગેરે દરદોમાં છુટથી વપરાય છે. **ખાંસીની અકસીર** દવા છે.

---

૭ રક્તપ્રદરની દવા.

બનાવટ—આરસપહાણ લાવી તેના કટકા કરી ચૂર્ણ કરેલું હોય તે તોલા ૧૦, સોનાગેરૂ તોલો ૦॥.

રીત—ખરલમાં ઉપરની દવાને એક દીવસ ઘુંટી કપડ છાણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—બે વાલ.

સમય—દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સારા ઘી સાથે મેળવી ચાટી જવું અથવા તો ઘી અને સાકર સાથે ચાટી જવું.

ઉપયોગ—સ્ત્રીઓનો રક્ત પ્રદર, (લોહીવા) રક્તશ્રાવ મટે છે.

---

૮ લોહી અને પરૂવાળો મરડો.

બનાવટ—કાચની બાટલીને બંધ કરવાના બુચ આવેછે તે લઇ લેવા આસરે તો. ૧૦ સુધી. (જુનાં હોય તોપણુ ચાલે)

રીત—એક વાસણુમાં મુકી તેમાં થોડા બળેલા કોલસા નાખી સળગાવવા. તે સળગે એટલે પેલા કોલસા કાઢી લઇ બુચને બાળી કોલસા કરી લેવા.

પ્રમાણુ—બે વાલ (છ રતીભાર)

અનુપાન—દહીં સાથે.

સમય—દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—લોહી અને પરૂ મીશ્રીત ઝાડો, મરડો તરતમાં મટે ભયંકર હોય તોપણુ બંધ થઇ આરામ થાય.

---

૯ શૃંગ્યાદિ ચૂર્ણ.

બનાવટ—અતિવિષ, પીપર, કાકડાશીંગ.

રીત—દરેક વસ્તુનું ચુર્ણ કરી કપડે ચાળી બાટલીમાં મેળવીને રાખી દેવું.

પ્રમાણુ—વાલ ૧ સુધી

સમય—દિવસમાં ત્રણ વખત, સવાર બપોર અને સાંજ.

અનુપાન—મધ અથવા માનું દુધ.

ઉપયોગ—બાળકોનો તાવ, ખાંસી, ઝાડા, કબજીઆત, શરદી, વાયુ, ચુંક વગેરે મટે છે. આને કેટલાક વૈદ્યો **બાળદવાના** નામથી ઓળખે છે.

---

૧૦ શિવાક્ષારપાચન.

બનાવટ—હિંગાષ્ટક ચુર્ણ તો. ૧૦ બાલહરડે તોલા ૩૦
સોડાબાયકાર્બ તો. ૧૦

રીત—પ્રથમ ખરલમાં સોડાબાય કાર્બને બરાબર ઘુંટી તેમા ઉપરની બે દવાઓ ધીમે ધીમે મેળવી ઘુંટીને કપડ ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—તોલો ૦ાથી ૦ાા.

અનુપાન—સ્વચ્છ પાણી કે નવશેકું પાણી.

સમય—રાતનાં, સવારનાં કે જરૂરત પ્રમાણે.

ઉપયોગ—વાયુ, અજીર્ણ, કબજીઆત, અરૂચી, શુળ, મોળ, ઉલટી, હેડકી, અમ્લપિત, બાદી, આફરો, કોલેરા વગેરેમાટે: પેટ સાફ કરી અજીર્ણ મટાડે છે. ભૂખ લગાડી વાયુને છુટ કરે છે.

---

૧૧ હિંગાષ્ટક ચુર્ણ.

બનાવટ—શુંઠ તો. ૧	મરી તોલો ૧
પીપર તો. ૧	સિંધવ તો. ૧
જીરૂં તો. ૧	શાહજીરૂં તો. ૧
અજમોદ તો. ૧	શોધેલી ઉત્તમ હીંગ તોલો ૦ા (અથવા ચાલુ બજારી હીંગ તો.૧)

રીત—પ્રથમ દરેક વસ્તુને ખાંડી ચુર્ણ કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી. અથવા બની શકે તો લીંબુના રસમાં ઘુંટી સુકાવી ચાળીને બાટલી ભરી લેવી.

પ્રમાણ—વાલ ૪થી ૮ સુધી.

સમય—ભોજન વખતે અથવા સવાર સાંજ કે જરૂરત પ્રમાણે મરજી મુજબ.

અનુપાન—ઘી સાથે અથવા સ્વચ્છ પાણી સાથે.

ઉપયોગ—વાયુ, મોળ, આફરો, ચુંક, અજીર્ણ, અરૂચી. પેટનો દુખાવો, કબજીઆત. ઝાડા, કોલેરા, મંદાગ્નિ વગેરે મટી ભુખ લાગે તથા પેટ સાફ રહે. ઝાડો બંધાઇને આવે.

---

૧૨ ત્રિફલા ચૂર્ણ.

બનાવટ—હરડેછાલ, બહેડાંછાલ, આમળા સમભાગે.

રીત—ત્રણે દવાઓ ઠળીઆ વગરની લઇ તેને સાથે ખાંડી કપડે ચાળી બાટલી બરી રાખવી.

પ્રમાણ—૦। તોલાભાર કે તેથી વધુ શકિત મુજબ.

અનુપાન—દુધ કે સ્વચ્છ પાણી અથવા સાકર તોલા ૦। સાથે મેળવી મધમાં ચાટી ઉપર દૂધ પીવું.

સમય—સવારનાં કે રાતના સુતી વખતે.

ઉપયોગ—કબજીઆત, મગજની ગરમી, પિત, નેત્રરોગ, દ્રષ્ટિની ખામી, આંખનાં દરદો, લોહી બિગાડ, વિર્ય વિકાર, ખસ, ખુજલી વગેરેમાં વપરાય છે. તેમજ કેટલીક ભસ્મો સાથે અનુપાન તરીકે પણ ઘણીજ વપરાય છે. લાંબો વખત સેવન કરવાથી જુનાં દરદો મટાડી શુક્ર (વીર્ય)નું શોધન કરે છે.

---

૧૩ ત્રિકટુ ચૂર્ણ.

બનાવટ—શુંઠ, મરી, પીપર સમભાગે.

રીત—દરેક વસ્તુઓ સાથે લઇ ખાંડી કપડે ચાળી અને બા લી ભરી રાખવી.

પ્રમાણ—બે આનીભાર સુધી.

અનુપાન—મધ સાથે ચાટવું.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—દવાના અનુપાનમાં કફઘ્ન તરીકે તેમજ ગરમી લા નાર તરીકે વપરાય છે. ખાંસી શરદી, હૃદય (છાતીનું) શુળ, દ ક્ક, હાંફણુ, વગેરે મટે છે. તેમજ સુંઘવાથી છીંકો આવી મગ હલકું થાય છે.

---

૧૪ પીનસહરી તમાકુ.

બનાવટ—મદ્રાસી છીકણી તો. ૧ બીસ્મથ સબનાઇટ્રેટ તો. ૦
પીપરમેન્ટ ફુલ તો. ૦। કપુર તો. ૦।
વાવડીંગનું ચૂર્ણ તો. ૧। કાયફળનાં છોડાનું ચુર્ણ તે

રીત—દરેક વસ્તુનું બારીક ચુર્ણ ખરલમાં નાંખી સારી રી ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક બે ચપટી ભરી નાકમાં સુંઘવી.

સમય—સવાર, બપોર, સાંજનાં ત્રણ વખત સુંઘવું.

ઉપયોગ—નાકનાં દરદો, સળેખમ, પરૂ નીકળવુ, મસ્તક શુળ પીનસ રોગ, નાકમાંથી ખરાબ ગંધ નીકળવી વગેરે માટે ઉત્તમ છે. ફ઼ દવા સુંઘવાથી આરામ થાય છે.

---

૧૫ અસ્થિ સંધાનક લેપ.

બનાવટ—એળીઓ તો. ૧ હીરાબોળ તો. ૧
ગુગળ તો. ૧ ઇશશ તો. ૧
ગુજ્જર તો. ૧ રેવતચીનીનો મીરો તો. ૧
મેંદાલકડી તો. ૧ આંબાહળદર તો. ૧
સાજીખાર તો. ૧ લોદર તો. ૧
માયુ સરસ તો. ૧

રીત—સર્વ વસ્તુઓ ખાંડી ચુર્ણ કરી તેને બાટલીમાં ભરી રાખી મુકવું.

ઉપયોગ—મુઢમાર. ચોટ, વાગવું, સોજો, શુળ, હાડકાનું ભાંગવું કે ઉતરી જવું, સખ્ત માર, લોહીનો જમાવ વગેરે માટે ઠીક ઉપયોગી છે.

પ્રમાણ—જરૂર જણાય તેટલા પ્રમાણમાં ભુકો લઇ તેને જરા ગરમ પાણીમા વાટી લેપની રીતે લગાડી ઉપર કપાસ લગાડી તેના પર પાટો બાંધી જરૂર હોયતો ખાંપીઆ બાંધવા એથી ત્રણ દહાડે લેપ ખોલી બીજો લેપ લગાડવો. એથી ચાર લેપમાં આરામ થઇ જાય છે.

---

૧૬ જ્વરબિન્દુ.

બનાવટ—અતિવિષ તોલા ૨ા સુરાખાર તોલા ૨ા
ફુલાવેલ ફટકડી તોલા ૨ા સોનાગેરૂ તો. ૦ાા.

રીતે—દરેક વસ્તુનું અલગ અલગ ચુર્ણ લઇ તેને સાફ ખરલમાં ત્રણ કલાક ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩થી ૧૨ રતીભાર.

અનુપાન—નવશેકું પાણી કે ચહા સાથે અથવા મધ સાથે.

સમય—તાવ ચડેલ હોય ત્યારે બબ્બે કલાકે અથવા તો દિવસમાં ચાર વખત તાવ ન હોય ત્યારે.

ઉપયોગ—અણઉતાર તાવ, વિષમજ્વર, નાનાં બાળકોનો તાવ, ટાઢીઓ તાવ વગેરેમાં તાવને ઉતારે છે.

---

૧૭ નવિન સુદર્શન ચૂર્ણ.

બનાવટ—મામેજવો (કડવીનઇ કહે છે તે) તોલા ૧૦ કાળાં મરી તોલા ૨ાા.

રીત—એને બરાબર વાટી કપડ છાણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ વાલ સુધી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—નવશેકું પાણી અથવા ચહા સાથે.

ઉપયોગ—નવા અથવા જુના તાવમાં વપરાય, તાવને ઉતારી પસીનો લાવે છે. સ્વાદમાં અતિ કડવો હોવાથી તાવને તરતજ મટાડી મોં સાફ કરે છે. જુના તાવમાં તેમજ બાળકોના તાવમાં પણ ખાસ વાપરી શકાય છે.

સૂચના—બાળક માટે ૨થી ૪ ચણોઠીભાર અપાય.

---

૧૮ દૂધનો મસાલો.

બનાવટ—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ એલચી, અકલકરો સુંઠ, કેશર, કસ્તુરી.

રીત—દરેક વસ્તુઓ એકેક તોલો તથા કસ્તુરી ૧/૮ તોલો લઇ દરેકનું ચુર્ણ બનાવી તેમાં કસ્તુરીને મેળવી ઘુંટી એ ચુર્ણ બાટલીમાં ભરી રાખવું અને જ્યારે દુધ પીવું હોય ત્યારે તેમાંથી આશરે

૦। તોલો ચુર્ણ ગરમ કરેલા દુધમાં નાંખી વાપરવું એ દુધમાં બદામ પીસ્તા તથા સાકર મરજી મુજબ નાખી શકાય છે

પ્રમાણ—એક વખત માટે ૦। તોલો આશરે દુધ તોલા ૨૦ થી૩૦ હોય તે માટે.

સમય—સવારમાં અથવા રાત્રે સુતી વખતે યાતો મરજી મુજબ લઇ શકાય.

ઉપયોગ—વાજીકરણ ગુણ લાવવા, દુધ ન પચતું હોય તો પચાવવા તેમજ શુક્ર અને શરીરને મજબુત બનાવવા આ મસાલો ઘણુંજ ફાયદો આપે છે. તેમજ દુધ પણ રૂચીકર થાય છે.

---

૧૯ વાજીકરણ ચૂર્ણ.

બનાવટ—સફેદ મૂશલી, કાળી મૂશલી, લવંગ, તજ, જાયફળ, જાવત્રી, સુંઠ, શતાવરી, એખરો, કબાબચીની, મુગલાઇ બેદાણા, બલદાણા, નાગકેસર, કૌચબીજ, સાલમ, ખસખસ, બહુફલી, ગોખરૂ, અકલકરો, એલચી, હરડા, જેઠીમધ, સાકર, દરેક સમભાગે લેવી. પરંતુ સાકર દશ તોલા લેવી.

રીત—દરેક વસ્તુઓનું બારીક કપડછાણ ચુર્ણ બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ— ૦॥ તોલાથી ૧ તોલો.

સમય—સવારનાં તથા રાત્રે, દિવસમાં બે વખત.

અનુપાન—કેશરવાળું અથવા સાદું મીઠું દુધ રૂચી પ્રમાણે.

ઉપયોગ—ધાતુ ક્ષીણતા, નબળાઇ, મગજની નબળાઇ, હાથ પગ કે કમરનો દુખાવો, વીર્યશ્રાવ, માથાનો દુખાવો, પેશાબમાં ધાતજવી, વાયુથી શરીરમાં કળતર થવા વગેરે ફરીયાદ મટી શરીર પુષ્ટ બને છે. આશરે એક માસ દવા લેવી જોઇએ.

૨૦ હિસ્ટીરિયા નાશક દવા.

બનાવટ—શેકેલી શુધ્ધ હીંગ તો. ૧ વજ તો. ૨ કડ તો. ૪ સંચળ તો. ૮ વાવડીંગ તો. ૧૬ બધી દવાઓ સાથે ખાંડી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૪થી ૮ વાલ સુધી. દિવસમાં ૩ વખત.

અનુપાન—સ્હેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—હીસ્ટીરિયા, વાયુ, આફરો, કોલેરા, ગુલ્મવાયુ, કૃમી વગેરે ઉપદ્રવો મટાડી વાયુને શાંત કરે છે. આ દવા હીસ્ટીરિયાવાળા ને માટે ખાસ લાંબો વખત લેવાથી સારો ફાયદો થઇ જાયછે.

---

૨૧ ગાંઠ પકવવાનો લેપ.

બનાવટ—સાજીખાર, પારેવાની ચરક, કલીચુનો ગુગળ ઇશશ, હીરાબોળ, એળીઓ, સાબુ, ગોળ, વિલાયતી કોલસો, એ ચીજો ને પાણીમાં વાટી દુખાવો હોય તથા ગાંઠ હોય ત્યાં લેપ લગાડવો. ઉપરા ઉપરી એ ત્રણ લેપ તરતમાં લગાડવાથી ગાંઠ ફુટી જઇ પીડા મટી જાયછે. ફુટયા પછી રસી સાફ કરવાને માટે લીબડાના પાનનું પાકું પાણી બનાવી તેના વડે ધોવું અને રૂઝાવવા માટે મલમની પટી મારી સાફ થઇ જાય ત્યાં સુધી સ્વચ્છતાથી પાટો બરાબર બાંધવો.

---

૨૨ કેશ વર્ધક મસાલો.

બનાવટ—તેલમાં તળેલા આંબળાંનુ ચૂર્ણ તોલા ૮ ગોવાઇ ટોપરૂં તોલા ૪ કપુરકાચલી, કચુરો, મોથ, વાળો, અગર, તગર,

સુખડ, ગુલાબનાં ફુલ, એ દરેક અકેક તોલો લઇ કુટી ચૂર્ણ કરી ડબી ભરી રાખવી.

વાપરવાની રીત—આશરે બે તોલા ભૂકો લઇ પથર પર ગુલાબજળ અથવા પાણીમાં તેને વાટી લુગદી જેવું કરી માથાનાં વાળમાં ભૂંસી સારીપેઠે ચોળી લઇ અને નહાઇ લેવું. કે તે ધોવાઇને સાફ થઇ જાય. આ પ્રમાણે અઠવાડીએ એકાદ વખત કરવું જોઇએ.

ઉપયોગ—વાળ વધારી નરમ સુંવાળા અને તેજસ્વી બનાવે છે. તેમજ શરીરે લગાડવાથી ખરાબ વાસ મારતો પસીનો, ચામડીનાં દોષ મટી સારી સુગંધ આવેછે.

---

૨૩ દોષઘ્ન લેપ.

બનાવટ—સરગવાની છાલ, શુંઠ, સરસવ, દેવદાર, સાટોડીનાં મૂળ, એ સર્વે સમ ભાગે લઇ ચુર્ણ કરી ચાળી લઇ બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—ખાટી છાસમાં, પાણીમાં કે દહીંનાં પાણીમાં આ લેપને પથરપર વાટી જાડો લેપ લગાડી ઉપર કોઇ પાન મુકી પાટો બાંધી દેવો.

ઉપયોગ—વાયુથી, કફથી થતો કોઇ પણ જાતનો સોજો, વ્રણનો સોજો. ગાંઠ, રસોળી, ગુંમડા વગેરેને પકવીને ફોડી નાંખે છે. અને સોજો ઉતારે છે.

---

૨૪ દશાંગ લેપ.

બનાવટ—સરસડાની છાલ, તગર, જેઠીમધ રતાંજલી, જટામાસી, હળદર, કઠ, વાળો, એલચી, એદશ ચીજો સમ ભાગે લઇ ચૂર્ણ કરી તેને જરા ઘીનો કરમો આપી બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—જરૂર જણાય ત્યારે એક પથર ઉપર લેપનો ભુકો મુકી ગુલાબજળ નાંખી વાટી લેપ જેવું બનાવી જરૂર પ્રમાણે જાડો લેપ લગાડી ઉપર એક પાન મુકી પાટો બાંધી દેવો. ગુલાબજળ ન મળે તો પાણી પણ ચાલે.

ઉપયોગ—ગરમીથી થતાં ગડગુમડ, સોજો. દાહ રતવા, ઉંદરવા, ઝેરી પ્રાણીઓના ડંખથી થતો સોજો. વનસ્પતિના ઝેરથી થતો સોજો તથા દાહ, બળતરા મટી જાય છે.

૨૫ દાડિમાષ્ટક ચુર્ણ.

બનાવટ—દાડમની છાલ તોલા ૮ સાકર તોલા ૩૨ એલચી. તજ, તમાલપત્ર, એ ત્રણે તોલા ૪ સુંઠ, મરી, પીપર, એ દરેક તોલા ચારચાર એ સર્વનું ચૂર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એથી ચાર આની ભાર દિવસમાં ત્રણ વખત.

અનુપાન—મધ અથવા પાણી સાથે.

ઉપયોગ—ઝાડો, મરડો, મંદાગ્નિ, ખાંસી, જવર, વગેરે મટે.

૨૬ મહાસુદર્શન ચૂર્ણ.

બનાવટ—હરડે, બહેડાં, આમળાં, હળદર, દારૂહળદર, ભોંરીંગણી, ઉભીરીંગણી, ખડસલીઓ, મોથ, ત્રાયમાણ, વાળો, નીંબછાલ, પુષ્કરમુળ, જેઠીમધ, કડાછાલ, અજમોદ, ઇંદ્રયવ, ભારંગમુળ, સરગવાના બીજ, ફટકડી ફુલાવેલી, વજ, તજ, પદમક, સુખડ, અતિવિષ, સાલવણ, પીડવણ, બલબીજ, વાવડીંગ, તગર, ચિત્રક, દેવદાર. ચવક, પટોળ, લવંગ, વંશલોચન, કમળકાકડી, તમાલપત્ર, જાવંત્રી, તાલીસ પત્ર, સુંઠ. મરી, પીપર, પીપરીમુળ, ગળો, મોરવેલ, ધમાસો, કડુ,

કચુરો, એ દરેક એકેક તોલો તથા તે સર્વના વજનથી અરધા વજને કરીઆતું લેવું અને તેનું બારીક ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૪થી ૮ વાલ સુધી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્વચ્છ પાણી.

ઉપયોગ—દરેક જાતના તાવ, ત્રિદોષજવર, અજીર્ણ, જીર્ણ-જવર, મંદાગ્નિ, જુનો તાવ, ટાઢીઓ તાવ વગેરે દરેક જાતના તાવમાં અકસીર ઉપાય ગણાય છે.

સૂચના—ફાકી તરીકે ન લેતાં સરળ રૂપમાં લેવું હોય તો પાણી તોલા ૧૦ ગરમ કરી તેમાં સુદર્શન ચુર્ણ તોલો ૧ નાંખી ઉકાળતાં પાંચ તોલા રહે ત્યારે ઉતારી ગાળી તેના બે ભાગ કરવા બીજી દવા સાથે અથવા એકેલું આ પ્રવાહી લેવાથી વધારે અનુકુળ થઇ પડે છે. અને તરતજ ફાયદો આપે છે.

---

૨૭ લવણ ભાસ્કર ચુર્ણ.

બનાવટ—મીઠું તો૦ ૮ સંચળ તો૦ ૫ બીડલવણ, સિંધવ, ધાણા, પીપર, પીપરીમુળ, શાહજીરૂં તમાલપત્ર, નાગકેશર, તાલીસપત્ર, અને અમલવેતસ એ દરેક બબે તોલા લેવા, દાડમબીજ ચાર તોલા, મરી, જીરૂં, સુંઠ એ દરેક એકેક તોલો, તજ, એલચી એ અરધો તોલો લેવાં સર્વેને ખાંડી ચુર્ણ કરી ચાળીબાટલી ભરી રાખવી.

પ્રમાણ—બેથી ચાર આનીભાર.

સમય—જમ્યા પહેલાં, જમવા સાથે કે જમ્યા પછી.

અનુપાન—સ્વચ્છ પાણી, છાસ, કે દહીનું પાણી.

ઉપયોગ—મંદાગ્નિ, અરૂચી, આમવાયુ, અજીર્ણ, ઝાડા, વાયુ, શુળ, અમ્લપિત, સંગ્રહણી, બરલ, સોજા, હરસ. કબજીઆત, ખાંસી, આમવાત, વગેરે મટેછે.

૨૮ મળશુદ્ધિ ચુર્ણ.

અનાવટ—કાળા દાણા તોલા ૬ સંચળ તો. ૧ સુંઠ તો. લઇ ચુર્ણ કરી ચાળી લઇ બાટલી ભરી રાખવી.

સમય—સવારના વખતે કે રાત્રે સુતી વખતે.

પ્રમાણ—ાથી ાા તોલો.

અનુપાન—ગરમ પાણી સાથે.

ઉપયોગ—એથી ચાર સારા જુલાબ લાગી પેટ સાફ થાય અને બરલ, લીવર, જીર્ણજવર, બંધકુષ્ટ, સોજા. શીળસ, અજીર્ણ ઉદરરોગ, મટી લોહી સાફ થાય છે. તેમજ ત્વચા રોગ પણ મ જાય છે.

સૂચના—જુલાબ લાગી રહયા પછી ઘી ભાત કે ખીચ ખાવી અને જરૂર હોય તો મીઠી છાસ પીવી કે જેથી જુલાબ બંધ થ

---

૨૯ ત્રિફળા પિપ્પલી ચુર્ણ.

બનાવટ—હરડેછાલ, બહેડાંછાલ, આંમળાં, પીપર એ ચ સમભાગ લઇ ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે થી ચાર આનીભાર.

અનુપાન—મધ સાથે ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ખાંસી, દમ, શ્વાસ, જીર્ણજવર, મંદાગ્નિ, કબજીઆ વગેરે મટી આમનું પાચન થઇ શરીર નિરામ બને.

---

૩૦ કડુ ભર્જીત ચૂર્ણ.

બનાવટ—કડુને તવા ઉપર શેકી ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૮ વાલ સુધી.

અનુપાન—ગરમ પાણી.

ઉપયોગ—તાવ, કલેજાનો ભરાવો, કબજીઅત વગેરે મટી પેટ સાફ થાયછે. તાવની શરૂવાતમાં આપવું ઠીકછે.

---

૩૧ ત્રિભુવન કિર્તી રસ.

બનાવટ—હિંગળો શુધ્ધ, વછનાગ શુધ્ધ, શુંઠ,પીપર, મરી, ફુલાવેલો ટંકણખાર, પીપરીમુળ દરેક તોલો એક એક લેવાં.

રીત—દરેક વસ્તુનું અલગ અલગ ચૂર્ણ લઇ પ્રથમ એક ખરલમાં હિંગળો નાખી તેને ઘુટતા જવું અને તેમાં એકેક ચીજનું ચૂર્ણ નાંખતાં જવું અને ઘુંટતા જવું. જયારે બરાબર ઘુંટાઇ જાય ત્યારે તુલશીનો રસ, ધંતુરાના પાનનો રસ. આદુનો રસ, એ દરેકની એકેક ભાવના જુદીજુદા આપી ખરલમાં ઘુંટીને તેની ચણોઠી જેવડી ગોળી વાળી સુકવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

સમય—. સવાર બપોર અને સાંજ અથવાતો ચારચાર કલાકે.

અનુપાન—સુદરશનના ફાંટ સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—પિતજવર, કફ કે વાયુનો જવર તથા ચાલુ તમામ જાતના તાવમાં વપરાયછે અને સારો ફાયદો આપેછે. ઇન્ફલ્યુએંઝા તથા મુદતના તાવમાં પણ સારૂં કામ કરેછે.

૩

---

૩૨ પ્રદરારી રસ.

બનાવટ—શુધ્ધ હિંગળો તો૦ ૧	ટંકણખાર શુધ્ધ તો૦ ૧
બંગ ભસ્મ તો૦ ૧	લોહ ભસ્મ તો૦ ૧
યસદ ભસ્મ તો ૧	ચણકબાબનું ચૂર્ણ તો૦ ૧૫.

રીત—સર્વ વસ્તુઓમાંથી પ્રથમ હીંગળો તથા બીજી ભસ્મો ખરલમાં ઘુંટી મેળવી તેમાં બીજી દવા થોડેથોડે નાંખી ખરલમાં ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એકઆનીથી બેઆનીભાર.

અનુપાન—દહીં અને સાકર સાથે.

સમય—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—પ્રદર, પ્રમેહ, પેસાબની ગરમી, ધાતજવી હરસ, રકતશ્રાવ, પેશાબની બળતરા વગેરે મટાડી ગરમી શાંત કરી રકતશ્રાવ બંધ કરેછે.

---

૩૩ નારાયણ જવરાંકુશ.

બનાવટ—શુધ્ધ સોમલ તો૦ ૧	વછનાગ તો૦ ૧
ગંધક તો૦ ૧	પારો તો૦ ૧
હરતાલ તો૦ ૧	શુંઠ તો૦ ૧
મરી તો૦ ૧	પીપર તો૦ ૧
પીળી કોડીની ભસ્મ તો૦ ૧	ભાગ તો૦ ૧
ધતુરાના બીજ તો૦ ૧	ટંકણખાર તો૦ ૧

આ દરેક વસ્તુઓ શુધ્ધ લેવી જોઇએ.

રીત—દરેકનું ચૂર્ણ લઇ પ્રથમ પારદ ગંધકની કજળી કરી પછી તેમાં એકેક વસ્તુને કુટતા જવું અને મેળવતાં જવું તમામ

દવાઓ મેળવી. આદુના રસમાં ખુબ ઘુંટી બાજરીના દાણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

સમય—તાવ હોય ત્યારે ઉતારવા તથા તાવ ન હોય ત્યારે અટકાવવા દર ત્રણત્રણ કલાકે વાપરવી.

અનુપાન—તાજું પાણી.

ઉપયોગ—જવર, વિષમ જવર, (ટાઢીઓ તાવ) જુનોતાવ, વગેરેમાં તાવને ઉતારે તથા આવતા તાવને અટકાવે.

સૂચનાં—ધ્યાનમાં રાખવું કે આ દવામાં સોમલ જેવી ઝેરી દવા વપરાયલીછે માટે ખાનપાનમા અપથ્ય ન કરવુ, તેમજ જુનો તાવ હોયતો ખોરાકમાં ઘી લઇ શકાય, પરંતુ નવો તાવ હોયતો દુધ લેવું.

---

૩૪ સૂત સેખર રસ.

બનાવટ—પારો, ગંધક, ટંકણ, વછનાગ, શંખભસ્મ, સુવર્ણ ભસ્મ, તામ્ર ભસ્મ, શુંઠ, મરી, પીપર, ધતુરાના બીજ, તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી, બીલીનો ગરભ, કચુરો, એ દરેક સરખે વજને લઇ લેવું.

રીત—શુધ્ધ વાસાણાં તથા ભસ્મો જુદી રાખી પ્રથમ પારા ગંધકની કજલી કરી તેમાં શુધ્ધ દ્રવ્યો નાખી પછી તેમાં બીજી વસ્તુઓ ધીમેધીમે મેળવા દેવી અને તેને બરાબર ઘુંટી તેમાં ભાંગરાનો રસ નાંખી ઘુંટી રતી ભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—એકથી ત્રણ રતીભાર.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા જરૂરત પ્રમાણે.

સમય—સવાર સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—અમ્લપિત, ઉલટી. શુળ, ગુલ્મરોગ, ખાંસી, સંગ્રહણી, આમ, અતિસાર, શ્વાસ, મંદાગ્નિ. હેડકી, ઉદાવર્ત રોગ, જવર, ક્ષય વગેરે વ્યાધિઓ મટી આરામ જાયછે.

૩૫ અશ્વચોળી.

બનાવટ— શુધ્ધ પારો, ગંધક, વછનાગ, ટંકણખાર, શુદ્ધ હરતાલ, હરડા, બહેડા, આબળા, શુંઠ, મરી, પીપર, શુધ્ધ નેપાળો.

રીત—પ્રથમ પારદ ગંધકની કજળી કરી તેમાં બીજી દવાઓ નાંખી ઘુંટી ભાંગરાના રસના ત્રણ પુટ આપી રતીભારની ગોળી બનાવી સુકવીને રાખવી.

પ્રમાણ—ગોળી ૧ થી ૪ ચાર.

સમય—ગતનાં અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—સ્વચ્છ પાણી.

ઉપયોગ—સાદા જુલાબ તરીકે આ દવા ઠીક છે. બાળકને પણ આપી શકાય છે. ચાર ગોળી લેવાથી, બે દસ્ત સાફ આવે છે. એકજ લેવાથી એકજ પેટ સાફ આવે છે. બાળક માટે એકથી અરધી ગોળી અપાય છે જવરમા પ્રથમ પેટ સાફ કરવા આ ગોળી જુલાબ તરીકે આપવાનો વધારે રિવાજ છે. હમેશાં જુલાબ માટે આ દવા વાપરવી સલાહ કારક નથી

---

૩૬ ઇચ્છા ભેદીરસ.

બનાવટ—શુધ્ધ પારો, શુધ્ધ ગંધક, ટંકણ, મરી, શુંઠ, એ દરેક એકેક તોલો શુધ્ધ નેપાળો ત્રણ તોલા.

રીત—પારા ગંધકની કજળી કરી તેમાં બીજાં વસાણાં મેળવી લીંબુના રસમાં બાર કલાક ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકાવી રાખવી.

પ્રમાણ—એકથી બે ગોળી.

અનુપાન—ઠંડુ પાણી.

સમય—સવારનાં ખાલી પેટે અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—લોહીબિગાડ, ખસ, ઉપદંશ, ઉદરરોગ બરળ, તાવ, અથવા જયાં જુલાબની જરૂર જણાય ત્યાં આ ગોળી આપવાથી ત્રણચાર કલાકમા એક ગોળીથી ત્રણ અને બે ગોળીથી છ આશરે જુલાબ લાગી કોઠો સાફ થાયછે.

સૂચનાં—જુલાબ હમેશાં ખાલી પેટે લેવો. અને જુલાબ લીધા પછી વચ્ચે પાણી ન પીવું. જયારે જુલાબ બંધ કરવો હોય ત્યારે દહીં ભાત અથવા ખીચડી, ઘી, છાશ ખાવાં. જો તેથી પણ કદાચ જુલાબ બંધ ન થાયતો સાકરવાળું પાણી પીવાથી જુલાબ તરતજ બંધ થઇ જાયછે.

---

૩૭ આનંદ ભૈરવ રસ.

બનાવટ—શુદ્ધ હિંગળો, શુદ્ધ વછનાગ, શુદ્ધ ગંધક, ટંકણ, સુંઠ, મરી, પીપર, દરેક ચીજ સમ ભાગે લેવી.

રીત—પ્રથમ હીગળા સાથે ગંધક મેળવી તેમાં બીજી દવાઓ નાંખી ઘુંટી લીંબુના રસમાં વટાણા જેવડી ગોળી કરવી.

પ્રમાણ—ગોળી ૧ થી ૨.

અનુપાન—મધ અથવા સ્વચ્છ પાણી યાતો નાગર વેલનું પાન.

સમય—સવાર સાંજ બે વખત-અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—તાવ, ખાંસી, ઝાડા, શરદી, દમ, સંગ્રહણી, અતિસાર, શળેખમ, કફ, વગેરેમાં વપરાય છે.

---

૩૮ રામબાણ રસ.

બનાવટ —શુધ્ધ પારો તો૦ ૧ શુધ્ધ વછનાગ તો૦ ૧
લવંગ તો૦ ૧ શુધ્ધ ગંધક તો૦ ૧
મરી તો૦ ૨ જાયફળ તો૦ ા।

રીત—પ્રથમ પારદ ગંધકની કજજળી કરી તેમાં બીજાં વસાણા મેળવી ઘુંટી તેને આંબલીના કાતરાના રસની ભાવના આપી ગોળીઓ કરી સુકવી રાખવી.

પ્રમાણ—ચણા જેવડી ૧થી બે ગોળી.

અનુપાન—સ્વચ્છ પાણી

સમય—દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—સંગ્રહણી, આમવાત, મંદાગ્નિ, કફ, દમ, ખાંસી, પેટનાં કૃમી, અરૂચી, ઉલટી, વગેરે મટેછે.

---

૩૯ ક્રવ્યાદ રસ.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૧ શુધ્ધ ગંધક તો૦ ૪
તામ્ર ભસ્મ તો૦ ા। લોહ ભસ્મ તો૦ ા।

રીત—ઉપરની વસ્તુઓને પર્પટીની પેઠે કડાઇમાં ગરમ કરી કેળના પતા પર ઢાળી લઇ ખરલમાં નાંખી ઘુંટીને લીંબુના રસની તથા *પંચકોલની એકેક ભાવના આપી ત્યાર બાદ તેમાં ટંકણખાર બીડલવણ, મરી એકેક તોલો મેળવી છેવટ ચણાના ખારની સાત ભાવના આપી એકેક વાલની ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—ગોળી બે થી ચાર.

સમય—જરૂર પ્રમાણે અથવા સવાર, બપોર, સાંજ.

---

* પંચકોલ એટલે પીપર, પીપરિમુળ, ચવક, ચિત્રક, શુંઠ.

અનુપાન—છાશ અથવા સ્વચ્છ પાણી.

ઉપયોગ—ઉલટી, અજીર્ણ, શુળ, ગોળો ચડવો, મળાવરોધ, અગ્નિમાંદ્ય, બરળ તેમજ તમામ ઉદર રોગમાં આ દવા સારી વખણાય છે.

---

૪૦ અગ્નિકુમાર રસ.

બનાવટ—શુધ્ધ પારો. ગંધક, ટંકણ, કોડીની ભસ્મ, સાજીખાર, પીપર, શુંઠ. દરેક તોલો એક એક. શુધ્ધ વછનાગ તો૦ ૩ કાળાંમરી તોલા ૮

રીત—પારા ગંધકની કજજળી કરી તેમાં બીજાં વસાણાં નાંખી બાર કલાક લીંબુના રસ સાથે ખરલમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી.

અનુપાન—સ્વચ્છ પાણી.

સમય—દર બબે કે ત્રણત્રણ કલાકે.

ઉંપયોગ—કોલેરાનું શુળ, ઝાડા, વાયુ. અજીર્ણ અગ્નિમાંદ્ય વગેરે પાચન ક્રિયાના દરદો માટે ઉતમ છે.

---

૪૧ શ્વાસકુઠાર રસ.

બનાવટ—પારો, ગંધક, વછનાગ. ટંકણ, મનશીલ, દરેક તોલો એકએક. મરી તો૦ ૧૦ પીપર તો૦૨ શુંઠ તો૦ ૨

રીત—પારાગંધકની કજજળી કરી તેમા બાકીનાં વસાણાં મેળવી ઘુંટી તેમાં નાગરવેલના પાનનોરસ નાંખી ત્રણ પુટ આપી સુકવી ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—વાલ ૧ સુધી.

અનુપાન—નાગરવલનું પાન અથવા મધ.

સમય—સવાર સાંજ અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—ખાસી, શ્વાસ, કફ, દમ, હાફણુ, શરદી, તાવ, વગેરે માટે.

---

૪૨ રત્નગીરી રસ.

બનાવટ--મનશીલ શુધ્ધ, હિંગળો શુધ્ધ, લવંગ, જાયફળ, સમ ભાગે લઇ બારીક ચુર્ણ કરી લેવું.

રીત—ઉપરના બારીક ચુર્ણને ખરલમા ઘુંટી તેને આદુના રસના બે પુટ આપવા. પછી તેની અકેક રતીભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી,

પ્રમાણ—૧થી ૩ રતીભાર.

સમય—તાવ હોય ત્યારે તાવ ઉતારવા માટે.

અનુપાન—ધાણા તોલો ાા લઇ કચરી તેને એક કલાક પાણીમાં પલાળી હાથ વડે ચોળી તે પાણી તો૦ ૨ાા ગાળી તેની સાથે આપવું અથવા એકલા દુધ સાથે અપાય.

ઉપયોગ—અણુ ઉતાર તાવ, બાળકોનો તાવ, વગેરેમા નિર્ભય પણે અપાય છે. સંતોષકારક ફાયદો આપે છે.

---

૪૩ આરોગ્ય વર્ધની

બનાવટ—શુધ્ધ પારો, ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મ, એ દરેક અકેક તોલો.

ત્રીફલા ચુર્ણ તો૦ ૧૦,	ચિત્રક ચુર્ણ તો૦ ૨૦,
શુધ્ધ ગુગળ તો૦ ૨૦,	શિલાજીત તો૦ ૧૫,
કડુ ચુર્ણ તો૦ ૭૦	

રીત—પ્રથમની પાંચ ચીજો લઇ તેને પારા ગંધકની કજળી કરી તેમાં મેળવી ત્યાર બાદ તેમા દરેકનાં છુટાંછુટાં ચુર્ણો મેળવા દઇ પછી શીલાજીતને પાણીમાં રસ બનાવીને મેળવી ત્યાર પછી તેમાં જોઇએ તેટલું લીંબડાનું રસ નાખી ઘુંટવું એવું ત્રણ દિવસ લીંબડાના રસમા ઘુંટી ઇચ્છાનુસાર તેની ગોળી બનાવવી યાતો સુકાવી ચુર્ણ કરી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણુ—બે આનીથી પાવલીભાર.

સમય—દિવસમાં બેથી ત્રણ વખત. (સવાર, બપોર અને સાંજ)

અનુપાન—દુધ અથવા તાજું પાણી.

ઉપયોગ—ઉદરરોગ, જુનોતાવ, સોજા, લીવરનું દરદ, કુષ્ટરોગ, લોહીબિગાડ, મંદાગ્નિ, અરૂચી વગેરે ફરિયાદો મટાડી પેટને સાફતથા નરમ બનાવેછે અને સોજા, પાડુ વગેરે મટાડી શરીરમા રતાશ તેમજ તેજી લાવે છે. ઘણાં લાંબા વખતનાં હઠીલાં દરદો મટાડી શરીરને કંચન સરખુ બનાવે એવી આ માત્રા છે.

---

૪૪ સપ્તામૃત લોહ

બનાવટ—હરડેછાલ તો૦ ૫ બહેડાંછાલ તો૦ ૫
આમળા તો૦ ૫ જેઠીમધ તો૦ ૫
લોહ ભસ્મ સારી તો૦ ૫

રીત—પ્રથમની ચાર ચીજોનું અલગ અલગ ચુર્ણ લઇને તેને બારીક વાટી ખરલમાં ઘુંટી કપડે ચાળી તેમાં લોહ ભસ્મ મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણુ—ચાર વાલ યાને બે આનીભાર.

સમય—સાંજનાં આઠવાગે અથવા સવારનાં આઠવાગે

અનુપાન—મધ તો૦ ાા તથા ઘી તો૦ ા લઇ સાથે મેળવી તેમાં ઉપરની દવાનું એક પડીકું બે આનીભારનું મેળવી ચાટી ઉપર રૂચી પ્રમાણે દુધ પીવું.

સુચના—આ દવા લીધા પછી ૭ કલાક પહેલાં કંઇપણ ખોરાક ન લેવો. ફક્ત દવા ઉપર રૂચી પ્રમાણે દુધ પીવું.

ઉપયોગ—સંપુર્ણ નેત્રનાં રોગ. ટુકી નજર, આંખની ઝાંખપ વગેરે મટાડી મગજને પુષ્ટી આપે છે. માથાનું દરદ, ધાતુની ક્ષીણતા વીર્યશ્રાવ. નબળાઇ, રક્તદોષ, વગેરે મટાડીને રસાયન ગુણ બતાવે છે. માત્ર લાંબો વખત સુધી આ દવા લેવી જોઇએ, સંપુર્ણ ફાયદા માટે ૭ માસ દવા લેવી જોઇએ.

પથ્ય—આ દવા ચાલતી હોય તે દરમ્યાન સાત્વિક ખોરાક લેવો. મરચું, તેલ, ખટાશ, બજારની મીઠાઇ, અથાણું, વાસીઅન્ન, વગેરેનો ત્યાગ કરી આપવો, અજીર્ણ થવા ન દેવું.

---

૪૫ પંચામૃત પર્પટી.

બનાવટ—પારદ, તો૦ ૪ લોહ ભસ્મ, તો૦ ૨
તામ્ર ભસ્મ, તો૦ ાા અભ્રક ભસ્મ, તો૦ ૧
તથા ગંધક તો૦ ૮

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી ઘુંટી લોઢાની કડાઇમાં અગ્નિ ઉપર ગરમ કરી ઉપર નીચે છાણુ ગાયનું મુકી તેમાં વચ્ચે બે કેળનાં પાતરાં ગોઠવી એક પાતરાં પર ઢાળી દઇ ઉપર બીજું પાતરૂં તથા છાણુ ઢાંકી લઇ પછી કાઢી લઇ ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩થી ૬ રતીભાર બે વખત.

અનુપાન—કડાછાલ, પીપરના ચુર્ણ સાથે મધમાં ચાટવી.

ઉપયોગ—ઝાડા, હરસ, મંદાગ્નિ, સંગ્રહણી, મરડો, ક્ષય, પાંડુ, અમ્લપિત, સ્ત્રીઓનાં દરદો વગેરેમાં ઠીક ફાયદો આપે છે. પેટનાં જુનાં દરદો માટે ઉતમ છે.

પથ્ય—મીઠી તાજી છાસ તથા રાતા ચોખાના ખોરાક પર રહી આ દવા વાપરવાથી અનેક દરદીઓ સારા થયા છે.

સૂચના—અનુકુળ સંજોગ હોયતો દુધ તેમજ બીજો ખોરાક પણ આપી શકાય છે.

---

૪૬ સુવર્ણ પર્પટી.

બનાવટ—પારદ શુધ્ધ તો૦ ૪ ગંધક તો૦ ૪
મેળવી ઘુંટી તેમાં સોનાના વરખ તો૦ ૦॥
મેળવી કજ્જળી બનાવી લેવી.

રીત—એક લોઢાની કડાઇમાં પ્રથમ જરા ઘી લગાવી તેમાં ઉપરની કજ્જળી નાંખી ધીમે તાપે ગરમ કરવી. તે રસ જેવું થાય ત્યારે ગાયના છાણ ઉપરે કેળનું પાન સરખું મુકી તેનાં ઉપરે પર્પટી ઢાળી ઉપર બીજું પાન મુકી તે ઉપર છાણ વડે ઢાંકી દેવું. આ પ્રમાણે કર્યા પછી થોડીવારમાં તે બે પાન વચ્ચે જામેલો ટુકડો લઇ ખરલમાં નાંખી તેને ઘુંટી તે ઉપરે બળદાણા તથા શતાવરીની જુદીજુદી એકેક ભાવના આપી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧॥થી ત્રણ રતીભાર, દિવસમાં બે વખત.

અનુપાન—માખણ કે મધ સાથે ચાટી જવી.

ઉપયોગ—તમામ જાતની સંગ્રહણી, ઝાડા, મરડા, ક્ષય, ખાંસી, હરસ, નબળાઇ વગેરે માટે તેમજ શરીરને દ્રઢ અને નિરોગી બનાવે

૪૭ અષ્ટામૃત પર્પટી.

બનાવટ—પારદ તો૦ ૧૦ ગંધક તો૦ ૨૦
સુવર્ણ ભસ્મ તો૦ ૧ રૌપ્ય ભસ્મ તો૦ ૩
મોતીની ભસ્મ તો૦ ૧ પ્રવાળ ભસ્મ તો૦ ૨॥
તામ્ર ભસ્મ તો૦ ૩ અભ્રક ભસ્મ તો૦ ૨॥

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી તેમાં બીજી ચીજો ઘુંટી પર્પટીની રીતે (સુવર્ણ પર્પટીમાંબતાવ્યા મુજબ) ઢાળીને તૈયાર કરી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ રતીભાર, દિવસમાં ૨ વખત.

અનુપાન—મધ સાથે ચાટી જવા.

ઉપયોગ—સંગ્રહણી. મંદાગ્નિ ઝાડા, મરડા, હરસ, વગેરેમા વાપરવાથી તત્કાળ ફાયદો આપેછે.

---

૪૮ શિલાજીત પ્રયોગ.

બનાવટ—શિલાજીત તો૦ ૨ ચંદ્રોદય, લોહભસ્મ. બંગભસ્મ, અભ્રકભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, નાગભસ્મ, હરડે. આમળાં મોચરસ, એ દરેક તોલો એકએક લેવા.

રીત—છેલ્લા ત્રણ વસાણાંનું ચૂર્ણ કપડછાણ લઇ જુદું રાખવું. અને માત્રાઓ સર્વ એક ખરલમાં ઘુંટી તેમાં તે ચૂર્ણ મેળવી દેવું, પછી બરાબર ઘુંટાઇ જાય ત્યારે શિલાજીતને દુધમાં ઓગાળી તેની સાથે ઉપરનું ચુર્ણ ખરલમાં ઘુંટી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ગોળી એક વખતમાં, તેવા સવાર સાંજ બે વખત.

અનુપાન—તાજું ઘી અથવા માખણ સાથે ગોળીનો ભુકો કરી ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—મગજની નબળાઇ, માથાનો દુખાવો, અકાળે વૃધ્ધાવસ્થા આવવી, ધાતુ ક્ષીણતા, નબળાઇ, ક્ષીકાશ વગેરે મટાડી દિર્ધાયુષ્ય બનાવે છે. રસાયન ગુણ લાવવા માટે લાંબો વખત સેવવાની જરૂર છે.

પથ્ય—સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો. ગરમ તેમજ ખાટાં પદાર્થોનો ત્યાગ કરવો. એક વર્ષ પથ્ય રાખી સેવન કરનાર નવયુવાન જેવો થાય.

---

૪૯ ચંદ્રોદય-મકરધ્વજ.

બનાવટ—સોનાનો વરખ તો૦ ૧ શુધ્ધ પારો તો૦ ૮
શુધ્ધ ગંધક તોલા ૪૮

રીત—પારા સાથે સોનાંનાં વરખ ઘુંટી તેમાં ગંધક નાંખી કજ્જળી તૈયાર કરી તેને રાતા કપાશનાં ફુલના રસમાં એક દિવસ ઘુંટી સુકાવી તૈયાર કરી સાત વખત કપડ માટી કરેલી અગન શીશીમાં ભરી વાલુકા યંત્રમાં મુકી એક ચુલા પર ચડાવી નીચે ધીમેથી તાપ શરૂ કરવો, પછી અગ્નિ વધારતાં જઇ મંદ અને મધ્ય પછી તિવ્ર અગ્નિથી ત્રણ રાત્ર ને ત્રણ દિવસ અગ્નિ આપી તયાર કરવો. ઠંડુ થયે ઉતારી શીશીને ખોલી તેને સંભાળથી ફોડી લઇ તેના ગળામાં જામી ગયેલો રાતા વર્ણનો સિંદુર સરખો ચોટેલો પદાર્થ સંભાળથી ઉખેડી લઇ બાટલીમાં લઇ રાખવો.

પ્રમાણ—ાાથી એક રતીભાર.

અનુપાન—જાયફળ, જાવંત્રી, ભીમસેનીકપુર, લવંગ, મરી, પીપર, કસ્તુરી એ સર્વનું કરેલું ચુર્ણ વાલ ૧થી ૨ લઇને સાથે મેળવી તેને મધમાં મેળવી ચાટી ઉપર કહેલું દુધ પીવું.

ઉપયોગ—ધાતુની નબળાઇ, અશક્તિ ક્ષય, મંદાગ્નિ, જીર્ણ જ્વર, મસ્તક શુળ, કોઇપણ પ્રકારની નબળાઇ મટાડી શરીરમાં શક્તિ લાવે અને નપુંશકપણું મટાડી નસોમા કૌવત લાવે છે.

પથ્ય—ગરમ, ખાટા, અને રૂક્ષ પદાર્થો નખાવા; પરંતુ સારો ઘી વાળો અને પૌષ્ટિક ખોરાક પચે તેટલા પ્રમાણમાં બરાબર ખાવા. દુધ, ઘી વધારે વપરાય તેમ કરવુ જોઇએ.

---

૫૦ લોહ પર્પટી.

બનાવટ—શુધ્ધ પારદ તો૦ ૫ શુધ્ધ ગંધક તો૦ ૫
જાંબુના રસમાં તૈયાર કરેલી લોહ ભસ્મ તો૦ ૫

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી કરી પછી તેમાં લોહ ભસ્મ મેળવી, પર્પટીની રીત પ્રમાણે ઢાળી તૈયાર કરી ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ રતીભાર દિવસમાં બે વખત.

અનુપાન—કુટજાવલેહ અથવા મધ સાથે લેવી.

ઉપયોગ—પાંડુ, ઝાડો, મરડો, નબળાઇ, સંગ્રહણી, અજીર્ણ ફીકાશ, ગુલ્મ, બરલ, મંદાગ્નિ વગેરેમાં વપરાય છે.

પથ્ય—રોગાનુસાર ખોરાક લેવો.

---

૫૧ રસ પર્પટી.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૨॥ શુધ્ધ ગંધક તો૦ ૨॥
એ બેની કજ્જળી કરી લેવી.

રીત—લોઢાની કડાઇમાં નાંખી ધીમે તાપે ઓગળી જાય ત્યારે નીચે છાણુ પાથરી ઉપર કેળનું પાન મુકી તેપર ઢાળી દેવું.

અને તેના પર તરતજ બીજું કેળનું પાન ઢાંકી ઉપર છાણુ દાબી દેવું. જરા વાર પછી કાઢી લઇ વાટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૩થી ૬ રતીભાર બે વખત દિવસમાં લેવી.

અનુપાન—મધ અને પીપર સાથે ચાટી જવું.

ઉપયોગ—સંગ્રહણી, હરસ, અતિસાર, શુળ કમળો, પાંડુ ગુલ્મ, બરલ, જલોદર, ભસ્મક રોગ, સોજા, કુષ્ટરોગ, અગ્લપિત, મંદાગ્નિ, વગેરે વ્યાધિઓને મટાડે છે.

પથ્ય—રોગાનુસાર યોગ્ય હલકો ખોરાક લેવો.

---

૫૨ સુવર્ણ બંગ.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૫, શુધ્ધ કલઇ તો૦ ૫.
નવસાર તો૦ ૫, શુધ્ધ ગંધક તોલા ૫,

રીત—પ્રથમ શુધ્ધ કલઇને એક લોઢાના વાસણમાં ગાળી પારો નાંખી ચકી બનાવી લેવી. પછી તેને ખરલમાં નાંખી ઘુંટી તેમાં ગંધક નાંખી કજ્જળી બનાવી પછી તેમાં નવસાર મેળવી ઘુંટી સાત કપડ માટી કરેલી એક મોટી શીશીમાંભરી તે શીશીને વાલુક યંત્રમાં મુકી ત્રણ પહોર અગ્નિ આપવો અને શીશીમાં વારંવાર લોઢાની શળી ફેરવતા જવું કે જેથી શીશીનું મો બંધ ન થાય અને ધુમાડો નીકળતો રહે. જયારે ગંધક બળી રહે અને ધુમાડો નીકળતો બંધ થાય ત્યારે શીશીને બુચ મારી જરા તીવ્ર અગ્નિ આપી થોડીવાર પછી ઉતારી લેવું. અને ઠંડુ થાય ત્યારે તેને કાઢી સંભાળથી શીશીને ફોડી અંદર તળીઆમાં રહેલી સોનાના રંગ જેવી સુંવાળી ભસ્મ લઇ લેવી. અને તેને એક કાચની બરણીમાં ભરી રાખવી. એને કેટલાક વૈદ્યો **સુવર્ણરાજમૃગાંક** ના નામથી ઓળખે છે.

પ્રમાણ—૨થી ૪ રતીભાર દિવસમાં બે વખત.

અનુપાન—માખણ, મલાઇ કે મધ સાથે ચ ટી જવો

ઉપયોગ—ક્ષય, પ્રમેહ, વીર્યશ્રાવ, ખાંસી, વગેરે મટાડે છે. ખાસ કરી પ્રમેહ માટે ઠીક વખણાય છે.

---

૫૩ આરોગ્ય વર્ધની નં૦ ૧.

બનાવટ—

પારો તો૦ ૧	ગંધક તો૦ ૧
લોહ ભસ્મ તો૦ ૧	અભ્રક ભસ્મ તો૦ ૧
તામ્ર ભસ્મ, તો૦ ૧	હરડેછાલ તો૦ ૨
બહેડાંછાલ તો૦ ૨	આમળાં તો૦ ૨
શિલાજીત તો૦ ૩	ગુગળ તો૦ ૪
ચિત્રકછાલ તો૦ ૪	કડુ તો૦ ૨૨

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જળી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી બાકીની પાંચ વસ્તુઓનું ચુર્ણ તેમાં મેળવી દઇ ગુગળનો જુદો પાક કરી તેમાં શિલાજીત મેળવી ચુર્ણ નાખી કુંટી લેવુ અને તેને લીંબડાના પાનના રસમાં ત્રણ દિવસ બરાબર કુંટી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ વાલ. દિવસમાં બે વખત કે ત્રણ વખત.

અનુપાન—દુધ અથવા પાણી.

ઉપયોગ—સોજા, લીવર, બરલ, ઉદરરોગ, કબજીઆત, જવર, જીર્ણજવર. પાંડુરોગ, મંદાગ્નિ, કુષ્ટરોગ, લોહીબિગાડ. પિતનો વધારો, સર્વાંગસોથ, મેદરોગ, રૂતુની અટકાયત વગેરે મટાડી શરીર હલકું તથા તેજસ્વી બનાવે છે.

સુચના—આ દવા ચાલે ત્યારે બનતાં સુધી માત્ર દુધ અથવા દુધ ભાતનો ખોરાક લેવાથી દવા તરત સારી અસર કરે છે જુના રોગો મટાડવા દવા લાંબો વખત લેવાની જરૂર છે.

૫૪ કુમાર કલ્યાણ રસ.

બનાવટ—રસસિંદુર, મોતીભસ્મ, સુવર્ણભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, સમ ભાગે લઇ કુંવારના રસમાં મર્દન કરી મગની દાળ જેવડી ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી. નાનાં બાળકોની અવસ્થા પ્રમાણે આપવી.

અનુપાન—સાકરવાળું દુધ અથવા ધાવણ સાથે.

ઉપયોગ—તાવ, શ્વાસ, ખાંસી, ઉલટી, બાલશોષ, બાલગ્રહ રોગ, ધાવણ ન ધાવવું, ઝાડા, કમળો, ઉદરરોગ, મંદાગ્નિ, નબળાઇ, વગેરે રોગો મટાડી શરીરને પુષ્ટિ આપે છે.

સુચના—દરેક રોગમાં આ દવા સાથે કોઇપણ સાદી એકેક દવા અનુપાનમાં આપવાથી વધારે અનુકુળ થઇ પડે છે. અને તરતજ ફાયદો આપે છે.

---

૫૫ ગર્ભપાળ રસ.

બનાવટ—

શુંઠ તો૦ ૧	મરી તો૦ ૧
તજ તો૦ ૧	તમાલપત્ર તો૦ ૧
એલચી તો૦ ૧	ધાણા તો૦ ૧
શાહજીરૂં તો૦ ૧	ચવક તો૦ ૧
દ્રાક્ષ તો૦ ૧	દેવદાર તો૦ ૧
નાગ ભસ્મ તો૦ ૧	બંગ ભસ્મ તો૦ ૧
શુધ્ધ હિંગળો તો૦ ૦ાા	લોહ ભસ્મ તો૦ ૦ાા

રીત—સર્વ ઔષધોનું ચૂર્ણ લઇ તેમાં ભસ્મો મેળવી ખરલમાં ઘુંટી તેને શ્વેત ગરણીના રસથી સાત ભાવના આપવી. વટાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧થી ૨ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—કાળી દરાખને પાણીમાં પલાળી તેનો સ્વરસ કાઢી તે તોલા ૨ તથા ઉપરની દવાની માત્રા સાથે લઇ ઉતારી જવી.

ઉપયોગ—ગર્ભિણી સ્ત્રીનાં તમામ દરદોમાં વપરાય છે. તે સિવાય ગર્ભ રહ્યા પછી તે પ્રસુતિ થવા સુધી નવ માસ આ દવા અપાય છે. તેથી ગર્ભશ્રાવ થવાની ધાસ્તી રહેતી નથી, અને ગર્ભશ્રાવની ટેવ હોયતો તે મટી જઇ બાળક તંદુરસ્ત અવતરે છે. અને ગર્ભિણી સ્ત્રીની શકિત કાયમ રાખે છે.

સુચના—ગર્ભિણીની ગમે તે વ્યાધિમાં યોગ્ય અનુપાન સાથે રોગ પ્રમાણે સાદાં ઓસડીયાંનો કોઇ પણ ક્વાથ બનાવી તે સાથે આપવાથી તરતમાં સારો ફાયદો આપે છે.

---

૫૬ રસભાસ્વાન.

બનાવટ—શુધ્ધ પારો તો૦ ૨ શુધ્ધ ગંધક તો૦ ૨
લોહ ભસ્મ તો૦ ૧॥ અભ્રક ભસ્મ તો૦ ૧
રસ સિંદુરનો તો૦ ૦॥ તામ્ર ભસ્મ તો૦ ૦।

કડુ, નાગકેસર, એલચી, કેશર, ચણકબાબ, જીરૂં બલદાણા, શતાવરી, મોચરસ, બાવળનો ગુંદ, એ દરેક બબે તોલા લઇ ચૂર્ણ કરી પ્રથમ પારદ ગંધકની કજ્જળી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી પછી ચુર્ણ મેળવી દેવું અને તેને ખરલેમાં ઘુંટી તેને દરરોજ આમળાના રસની એકેકભાવના આપતાં તેવી સાત ભાવના આપી સુકવી બબે રતીભારની ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બબે ગોળી સવાર સાંજ બે વખત લેવી.

અનુપાન—મધ કે ઘીમાં ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—પ્રમેહ, મધુ પ્રમેહ, શુક્રશ્રાવ, સ્વપ્નશ્રાવ, પેશાબમાં દાહ થવો, મૂત્ર કૃચ્છ, રસી આવવી, ગુરદાનાં દરદ, અમ્લપિત, છાતીનાં દરદ. મગજનું ખાલીપણું, ચકર આવવા. નબળાઇ વગેરે મટી દીર્ઘાયુષ્ય થાય છે.

પથ્ય—બજારની મીઠાઇ, ખાટાં, અને બહુ ગરમ કે તીખા પદાર્થોનું સેવન દવા ચાલુ હોય ત્યારે ન કરવું.

---

૫૭ શીતભંજી રસ.

બનાવટ—શુધ્ધ પારો, શુધ્ધ ગંધક, તામ્રભસ્મ, શુધ્ધ વછનાગ, શુંઠ, મરી, પીપર, ટંકણખાર, એ સર્વે સમભાગે લેવાં,

રીત—કજ્જળી બનાવી બીજી દવાઓનું ચુર્ણ તથા ભસ્મો તેમાં મેળવી સારી પેઠે ઘુંટી તેને ચિત્રકના રસના કે ઉકાળાના ત્રણ પુટ આપવા અને ઘુંટતા જવું. પછી આદુના રસના સાત પુટ આપવા અને ઘુંટતા જવું. પછી નાગરવેલના પાનના રસના ત્રણ પુટ આપવા અને ઘુંટતા જવું છેવટે ગોળી વાળવા જેવું થતાં સંભાળથી મગના દાણા જેવડી ગોળી વાળી સુકવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ–૧ થીર ગોળી; જરૂર જણાય ત્યારે દિવસમાં ત્રણ વખત.

અનુપાન—આદુનો રસ અથવા શુંઠનું પાણી લઇ તેમાં ગોળી ઘસીને પાવી.

ઉપયોગ—કફજ્વર, હાંફ, શીતતા, (શીતાંગ) ત્રિદોષજ્વર. કફવાતજવર, શ્વાસ, અણઉતારતાવ વગેરેમાં અકસીર છે. જ્યારે તાવ ઉતરી શરીર ઠંડુ તથા બેશુધ્ધિ જેવું થઇ જાય છે. ત્યારે આ

દવાની એક માત્રા આપતાં તરતજ ગરમાવો આવી દરદી શુધ્ધીમાં આવી જાય છે. વિલાયતિ ઇન્જકસન જેવું આ દવા કામ આપી ચમત્કાર બતાવે છે. પેટનું ચડવું, વાયુ, પેટના દુખાવો વગેરેને પણ મટાડી આપે છે. ગુણમાં ગરમ છે માટે સંભાળથી વાપરવા સુચના છે.

---

૫૮ મૃત્યુંજય રસ.

બનાવટ—મરી, પીપર, ટંકણખાર, શુધ્ધ ગંધક, શુધ્ધ વછનાગ, એ દરેક એકેક તોલો તથા લીબુના રસમાં શોધેલો હિંગળો તો૦ બે લઇ સાથે ઘુંટી તેને આદુના રસમાં તથા લીંબુના રસમાં જુદું જુદું વાટી ભાવના આપી ગોળી વાળવા જેવું થતાં મગ જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્વચ્છ પાણી સાથે અથવા મધ સાથે તુળશીના પાનના રસ સાથે, ખડસલીઆના સ્વરસ સાથે કે આદુના રસ સાથે દોષ જોઇ યોગ્ય અનુપાનમાં આપવો.

ઉપયોગ—નવીન જવર, ટાઢીઓ તાવ. મલેરીયા તાવ વિષમ જવર, અણઉતાર તાવ, વાત જવર, જીર્ણ જવર, ત્રિદોષ. ન્યુમોનીઆ, અતિસાર, ક્રમીજવર, વગેરેમાં ઉતમ કામ આપે છે.

સુચનાં—બરલ મોટી થઇ હોય તેને, ગર્ભણી સ્ત્રીને, નાના બાળકને, અતિદુર્બળ રોગીને, હેડકી, શ્વાસવાળા દરદીને આ દવા ન આપવી જોઇએ. અથવા બહુજ સંભાળથી સુક્ષ્મ માત્રા આપવી જોઇએ.

---

૫૯ હેમગર્ભ પોટલી રસ.

બનાવટ—તામ્ર ભસ્મ તો૦ ૧ શુધ્ધ પારો તો૦ ૧
શુધ્ધ ગંધક તો૦ ૧ સુવર્ણનાંવર્ક અથવા ભસ્મ તો૦ ાા
લોહ ભસ્મ તો૦ ાા રસ સિંદુરનો તો ાા
ચાંદીની ભસ્મ તો૦ ાા

રીત—પ્રથમ એ ચીજોને ખરલમાં નાંખી ઘુંટી થોરીના દુધમાં સારી રીતે મર્દન કરી ત્રણ પુટ આપવા, અને પછી તેની યોગ્ય માત્રામાં સોગઠી બનાવી સુકવી રાખવી. બરાબર સુકાઇ જાય ત્યારે તેના પર નવું સારૂં કપડું બાંધી દોરાથી મજબુત બાંધી એક માટીના વાસણમાં લાકડીઓ ગંધક નાખી દીવાના તાપ ઉપર ગરમ. કરી તેમા એ પોટલી ડુબે તેવી રીતે અરધો કલાક તાપ આપી બહાર કાઢી લઇ તરતજ કપડું જુદુ કરી અંદરથી ગોળી કાઢી લેવી. અને સ્હેજ ગરમ પાણીથી ધોઇ સાફ કરી રાખી મુકવી. આ ગોળી એટલીતો સખત થઇ જશે કે હથોડી મારતાં પણ તરત તુટશે નહિં

ઉપયોગ—ત્રિદોષ, મુર્છા, બેભાન, શીતાંગ, ન્યુમોનીઆ, નબળાઇ, શ્વાસ. કફ, શરદી. તાવ, દમ. વગેરેમાં આ માત્રા જરા પાણી સાથે ઘસીને આપવાથી તત્કાળ ચમત્કારીક રીતે ફાયદો બતાવે છે.

પ્રમાણ—આશરે એક તલભાર દવાનો ઘસારો એક વખત આપવા. જરૂર જણાયતો બે બે કલાક પછી ફરી પણ અપાય.

---

૬૦ ક્રમીમુદ્ગર રસ.

બનાવટ—શુધ્ધ પારદ તો૦ ૧ શુધ્ધ ગંધક તો૦ ૮
અજમોદ તો૦૩ વાવડીંગ તો૦ ૪
ઝેર કોચલાં તો૦૫ ખાખરાનાં બીજ તો૦ ૬
એ સર્વને ખાંડી પારદ ગંધકની કજળી બનાવી બાટલી ભરી રાખવી.

અનુપાન—મોથના ઉકાળા સાથે અથવા પાણી સાથે.

પ્રમાણ—૩થી ૬ ગોળી દિવસમાં ત્રણ વખત લેવી. ત્રણ દીવસ દવા લેવાની ખાસ જરૂર છે.

ઉપયોગ—પેટનાં કમી તેમજ કમીને લીધે થતા બીજા વિકારો મટાડી જઠરાગ્નિ પ્રદિપ્ત બનાવે છે. ત્રણ દિવસ બરાબર લેવાથી પેટનાં કરમીયાં નીકળી જાય છે.

---

૬૧ સ્વાદિષ્ટ પાચનવટી.

બનાવટ—લીંબુનો ક્ષાર (સાઇટ્રીક એસીડ) તો૦ ૪

શુંઠ તો૦ ૪	મરી તો૦ ૪
પીપર તો૦ ૪	સિંધાલુણ તો૦ ૪
હીંગ શુધ્ધ તો૦ ૪	કાળી દરાખ તો૦ ૮૦

રીત—દરેક વસ્તુનું જુદું જુદું ચુર્ણ લઇ ખરલમાં વાટીને એક બાજુ જુદું રાખવું. કાલી દરાખનાં બીજ કાઢી નાંખી તેને એક સારી પત્થરની ખરલમાં ઘુંટી લોદાં જેવું થાય કે તેમાં ઉપરનું ચુર્ણ મેળવતા જવું. બરાબર મળી જાય ત્યારે તે છ કલાક મુકી દેવું જરા કઠણ જણાય ત્યારે ગોળીઓ જોઇએ તે પ્રમાણની બનાવી સુકવી લેવી. અને તે ગોળીઓ સુકવવા માટે ચીનીનું વાસણ લેવું. કારણકે આ દવા સ્વાદમાં ખાટી છે તેથી બીજા ધાતુ પાત્રમાં રાખવાથી બગડી જાય છે.

પ્રમાણ—ચણા જેવડી ૨થી ૪ ગોળી દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—સ્વાદિષ્ટ હોવાથી જરૂર પડતી નથી છતાં પાણી લેવું હોયતો લઇ શકાય.

સમય—જમ્યા પહેલાં કેવળ અરધો કલાક આગળ કે પાછળ અથવા દિવસમાં ત્રણ વખત.

ઉપયોગ—વાયુ, મોળ, અરૂચી, મંદાગ્નિ, કબજીઆત ભુખ ન લાગવી, ખાટા ઓડકાર આવવા, અમ્લપિત વગેરે પાચન ક્રિયાને માટે સારી અને સ્વાદિષ્ટ દવા છે.

---

૬૨ છર્દિરિપુ.

બનાવટ—કપુર કાચડી તો૦ ૧૦ જોઇએ તેટલું પાણી.

રીત—પ્રથમ કપુર કાચડીનું ચુર્ણ બારીક લઇ તેને ખરલમાં નાંખી પાણી સાથે બરાબર ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે તડકે સુકવી લઇ બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—મોટા માણસને ૩થી ૬ ગોળી બાળકને ૧થી બે ગોળી

અનુપાન—સ્વચ્છ પાણી તોલા બે લઇ દવા મેળવી તૈયાર કરી લેવી.

સમય—જરૂર જણાય ત્યારે અથવા બબ્બે કલાકે.

ઉપયોગ—ગમે તે કારણથી આવતી ઉલટી, ખાલી ઉબકો, વાયુની મોળ, બાળકને આવતી વાયુની ઉલટી વગેરેમાં વપરાય.

---

૬૩ હેડકી નાશક પ્રયોગ.

બનાવટ—શંખભસ્મ તો૦ ૨ કાકડાશીંગનું ચુર્ણ તો૦ ૪

રીત—બન્ને દવાઓને એક કલાક ખરલમાં ઘુંટી રાખવી.

પ્રમાણ—૬થી ૧૨ રતીભાર સુધી

અનુપાન—મધ સાથે ચાટી ઉપર ચહા કે નવસેકું પાણી પીવું.

સમય—દર એક કે બે કલાકે અથવા હેડકી આવે ત્યારે.

ઉપયોગ—હેડકી માટે અકસીર છે. વધુમાં વધુ ૭ પડીકા લેવાથી હેડકી તદન બંધ પડી આરામ થાય છે.

---

૬૪ વિષમજ્વર નાશક ગુટીકા.

બનાવટ—એળીઓ તો. તોલો ૧ અતિવિષ તો. ૧ કીડામારી તો. ૧ કાંકચનામીંજ તો. ૧ મરી તો. ૧ શંખભસ્મ તો. ૧.

રીત—દરેક દવાઓનું બારીક ચૂર્ણ લઇ તેને ખરલમા નાંખી તેમાં તુલસીપત્રનો રસ કાઢીને તે નાખી બરાબર ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી તેને તડકે બરાબર સુકવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમા ચાર વખત.

સમય—દર ત્રણ ત્રણ કલાકે અથવા જરૂર પ્રમાણે.

અનુપાન—ઠંડું પાણી કે ચહા સાથે.

ઉપયોગ—જુનો તાવ, વિષમજ્વર, જીર્ણજ્વર, ટાઢીઓ તાવ, નવીન જ્વર વીગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૬૫ શિલાજીતની ગોળી.

બનાવટ—શુદ્ધ શિલાજીત તો. ૫, રસ સિંદુર તો. ૩, કેશર તો. ૧, લોહભસ્મ તો. ૨, અફીણ તો. ૧, સોનાનાં વર્ખ તો. ૧, કસ્તુરી તો. ૧, જાયફળ તો. ૧ાા, જાવંત્રી તો. ૧ાા, લવંગ તો. ૧ાા, પીપર તો. ૧ાા, અકલકરો તો. ૧ાા, તજ તો. ૧ાા, શુદ્ધ ભાંગ તો. ૩, એડીમધ તો. ૩.

રીત—ઉપરની સર્વે દવાઓ અલગ અલગ વાટેલી લઇ તેમાંથી પ્રથમ રસસિંદુરને ખરલમાં બરાબર વાટી તેમાં બીજી સર્વ દવાઓ તથા સોનાનાં વર્ખ મેળવી આદુના રસનો એક પુટ નાગરવેલના પાનનો રસનો એક પુટ, ત્રીકટુના કવાથનો એક પુટ, ત્રીફલાના કવાથનો એક પુટ, આપી બરાબર ખરલમાં ઘુંટી રતીભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—ખાંસી, ક્ષય, સંગ્રહણી, શ્વાસ, વાયુ, સરદી, મુંઝારો, અશકિત, વિર્યદોષ, નસોની શીથીલતા, કમર અને હાથનો દુખાવો, ધાતુની નબળાઇ વગેરેમા વપરાય.

પ્રમાણુ—૨થી ૪ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—મધ-ઘી કે દુધ સાથે:

પથ્ય—સાધારણ પરેજી પાળવી. પૌષ્ટિક ખોરાક પચે તે પ્રમાણે લેવું.

---

૬૬ જુના તાવની ગોળી.

બનાવટ—અતિવિષ તો૦ ૪ કડુ તો૦ ૨
કવીનાઇન તો૦ ૧ એન્ટીફેબ્રીન તો૦ ૧
સીન્કોના તો૦ ૨

રીત—દરેક વસ્તુનું ચુર્ણ લઇ ખરલમાં ઘુંટી મધ સાથે વટાણા જેવડી ગોળી બનાવી લેવી. અને તેને બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણુ—૨ ગોળી એક વખત માટે દિવસમાં ૯થી વધુ ન લેવી.

સમય—સવાર, બપોર સાંજ અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—પાણી અથવા ચહા સાથે.

ઉપયોગ—જુના અને લાંબી મુદતના હઠીલા તાવ માટે તેમજ તાવ, માથાનો દુખાવો. મલેરીયા જ્વર વગેરે માટે ઠીક ઉપયોગી છે.

૬૭ મરડાની ગોળી.

બનાવટ—અફીણ તો૦ ૧ કેશર તો૦ ૧
જાયફળ તો૦ ૧ જાવંત્રી તો૦ ૧

રીત—સર્વ વસ્તુઓનું ચુર્ણ લઇ અફીણનો કસુંબો જુદો બનાવી તેમાં ઉમરડા (ગુલર) નું દુધ નાખી ઘુંટીને મરી જેવડી ગોળી બનાવી સુકાવી લેવી.

પ્રમાણ—એક ગોળી થીબે ગોળી.

સમય—દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્વચ્છ પાણી.

ઉપયોગ—પરૂવાળો, આમવાળો ઝાડો, મરડો, ચુંક, મટે છે. મરડા માટે અકસીર છે તથા તેને ત્રણ દીવસમાં મટાડી આરામ આપે છે.

૬૮ વાયુનાશક પૌષ્ટિક ગોળી.

બનાવટ—શુધ્ધ કુચલા તો૦ ૪૦ જાયફળ તો૦ ૪
જાવંત્રી તો૦ ૪ લવંગ તો૦ ૮
અકલકરો તો૦ ૧૬ મરી તો૦ ૮
કેશર તો૦ ૪

રીત—દરેક વસ્તુનું ચુર્ણ લઇ ખરલમાં ઘુંટી ચાળી તૈયાર કરવું. પછી તેમાં લવંગ તો૦ ૧૦ મરી તો૦ ૧૦ તેને પાણી તોલા

૩૨૦માં ઉકાળી ૮૦ તોલા બાકી રહે ત્યારે તે ગાળીને પાણી વડે ઉપરનાં ચુર્ણને ખરલમાં ઘુંટવું. એ સર્વ તમામ કાઢો પાયા પછી તેની મરી જેવડી ગોળી બનાવવી. એ ગોળી સુકાવી બાટલીમાં ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૩ ગોળી દિવસમાં બેથી ત્રણ વખત.

સમય—સવારનાં બપોરનાં તેમજ રાતનાં અથવા જમ્યા પછી.

અનુપાન—જમ્યા પછી લેવી હોયતો પાણી સાથે તેમજ જમ્યા પહેલાં સવારે કે રાતે લેવી હોયતો દુધ સાથે લેવી જોઇએ.

ઉપયોગ—કબજીઆત, મંદાગ્નિ, જ્ઞાનતંતુઓની તથા ધાતુની નબળાઇ, વાયુ, કળતર, સુસ્તી, વીર્યશ્રાવ, અરૂચી, અજીર્ણ વગેરે મટાડી ભૂખ લગાડી શકિત લાવે છે. કબજીઅત મટાડી ઝાડો સાફ લાવે છે.

---

૬૯ સીગદાંતક વટી.

બનાવટ—એલીઓ તો૦ ૪ હીરાબોળ તો૦ ૪
હીરાકસી શુધ્ધ તો૦ ૨ ટંકણખાર તો૦ ૨
તજ તો૦ ૪ શુંઠ તો૦૨
ક્વીનાઇન તો૦ ૨

રીત—સર્વ દવાઓનું બારીક ચૂર્ણ લઇ પ્રથમ ખરલમાં ઘુંટી તેમાં થોડુંક જોઇતા પ્રમાણમાં ગ્લીસરાઇન મેળવી ચણા જેવડી ગોળી વાળી તેને સુકવવા માટે તેના પર મેગનેસીઆ કાર્બ નો ભુકો છાંટી એક બાટલી ભરી રાખવી.

પ્રમાણ—બે ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ, અથવા જરૂર જણાય ત્યારે.

અનુપાન—પાણી કે થીજેલા ઘ્રત સાથે.

ઉપયોગ—કષ્ટાર્તવ. નષ્ટાર્તવ, ઋતુ વખતે થતું શુળ, ઋતુદોષ કે તેથી થતાં દરદો મટાડી ઋતુ સાફ લાવે છે.

---

૭૦ લવંગાદિ વટી.

બનાવટ—લવંગ, કાથો. બહેડાંની છાલ, મરી.

રીત—દરેકનું ચુર્ણ લઇ બાવળની છાલના કવાથ વડે ખરલમાં ઘુંટીને વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એકથી બે ગોળી જરૂર જણાય ત્યારે લેવી.

સમય—ખાંસી આવે ત્યારે.

અનુપાન—ગોળી મોંમાં રાખી ચુસ્યા કરવી.

ઉપયોગ—કોઇપણ જાતની ખાંસી. માટે અકસીર. આ ગોળી મોંમાં રાખતાં વેંતજ ખાંસી નરમ પડી કફ છુટે છે.

---

૭૧ મરિચ્યાદિ વટી.

બનાવટ—કાળાં મરી તો૦ ૨ પીપર તો૦ ૨
યવક્ષાર તો૦ ૧ દાડમછાલ તો૦ ૪

રીત—દરેકનું જુદું જુદું ચુર્ણ લઇ વાટી ખરલમાં મધ સાથે મેળવી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી

પ્રમાણ—આખા દિવસમાં ૬થી ૧૨ ગોળી.

ઉપયોગ—ખાંસી, દમ, ઝાડા, પેશાબની મુશ્કેલી વગેરેમાં વપરાય છે.સંધિવામાં પણ વપરાય છે.

અનુપાન—પાણી સાથે બેબે ગોળી લેવી અથવા ખાંસી માટે એકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

૭૨ કસ્તુર્યાદિ વટી.

બનાવટ—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, શુંઠ, પીપર, મરી, અકલકરો, અફીણ, કેશર સમભાગે તથા કસ્તુરી એ દશ વસ્તુઓ જો દશ તોલા થાય તો તો૦ ૦। એટલે ત્રણ માસા લેવી.

રીત—પ્રથમની નવ ચીજોનું બારીક ચૂર્ણ કરી લેવું અને તેમાં અલગ કસ્તુરી વાટી મેળવી લઇ પછી તેમાં અફીણનો કસુંબો નાંખી ઘુંટી તેની મગનાદાણા જેવડી ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—મોટા માણસ માટે બેથી ચાર ગોળી, બાળક માટે ૦॥ થી ૧ ગોળી.

સમય—સવાર, બપોર, સાંજ અથવા જરૂરત પ્રમાણે.

અનુપાન—સ્હેજ ગરમ દુધ કે ચહા સાથે.

ઉપયોગ—ખાંસી, શરદી, શળેખમ, બાળકનું ભરાઇઆવવું, ઝાડા, નબળાઇ, ધાતુશ્રાવ, દમ, શ્વાસ, અપચો, સુસ્તી, દુધનું ન પચવું વગેરેમાં વાપરી શકાય છે

---

૭૩ બાલરક્ષક ગુટીકા.

બનાવટ—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, એલચી, અજમોદ, સફેદમરી, વાપુંબા, વાવડીંગ, સુવા, સંચળ, હરડે, કરીયાતું, કાંકચ, અતિવિષ, દાડમછાલ, પીપરીમુળ, વસંલોચન, એળીઓ, હીરાબોળ, ખસખસ, લોબાન, કેશર સર્વ સમભાગે લેવું.

રીત—દરેક વસ્તુનું સમભાગે ચૂર્ણ કરી કપડછાણ બનાવી મધ સાથે ઘુંટી મગનાદાણા જેવડી ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી. વય: ૧ થી ૬ માસ સુધી માટે. ૨ થી ૪ ગોળી વય ૭ થી ૧૨ માસ માટે.

સમય—સવાર, સાંજ બે વખત.

અનુપાન—દુધ (માનું) ધાવણ હોય તેમાં મેળવી પાઇ દેવી.

ઉપયોગ—નાનાં બાળકોનાં તમામ દરદોમા વપરાય તે શીવાય તે ચાલુ વાપરવાથી શરીર મજબુત થાય, દૂધ પચે, ભુખ લાગે, દસ્ત સાફ આવે, તાવ, ખાંસી, ઝાડા, ઉલટી, વાયુ, અજીર્ણ, નબળાઇ વગેરે મટી બાળકને આરામથી નિદ્રા આવે, રડતું અટકે, શાંત રહી શરીર મજબુત બને.

સૂચના—બજારૂ બાળાગોળી ન વાપરતાં આવી અનુભવી અને નિર્દોષ બનાવટ વાપરવા ખાસ ભલામણ કરવામાં આવે છે.

---

૭૪ ખાંસીની ગોળીઓ.

બનાવટ—પીપર, પીપરીમુળ, શુંઠ, મરી, લવંગ, તજ, જાયફળ જાવંત્રી, એલચી, અકલકરો, જેઠીમધનો શીરો, કાથો, બહેડાંની છાલ, દાડમની છાલ, યવક્ષાર, ટંકણખાર વગેરે સમભાગે.

રીત—આ વસ્તુઓનું બારીક કપડછાણ ચૂર્ણ લઇ તેને મધમાં મેળવી ખરલમાં ઘુંટી આશરે ચણા જેવડી ગોળીઓ બનાવી સૂકાવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—મોઢામાં એકેક ગોળી રાખી ચૂસવાથી ખાંસી આવતી નથી, કફ છુટેછે, સ્વર સુધરેછે. ગળાનો વરમ મટાડી નવી જુની ખાંસીને ફાયદો આપેછે.

પ્રમાણ—આશરે દશબાર ગોળી દિવસમાં લેવાય, અને જરૂર પ્રમાણે એક કે બે ગોળી મોંમાં રાખી ચુસાય.

૭૫ મુખવાસ વટી.

બનાવટ—તજ, જાવત્રી, લવંગ, શુંઠ, અકરકરો, જાયફળ, કેશર, એલચી, જેઠીમધનો શીરો, કબાબચીની, કપુર, પીપરમેન્ટના ફુલ. સાકર, એ દરેક વસ્તુ સમ ભાગે.

રીત—દરેક વસ્તુઓનું બારીક ચુર્ણ લઇ કપડછાણ કરી લઇ તેને ખરલનાં નાંખી પાણી સાથે ગોળી મગના દાણા જેવડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક વખતે ૨ થી ૪ ગોળી આખા દિવસમાં ૨૫ ગોળી. સુધી પાન સાથે અથવા એમજ જમ્યા પછી કોઇ પણ વખતે મુખવાસ તરીકે વાપરવી.

ગુણ—ખાંસી, વાયુ, શરદી, મોળ, ઉલટી, ચકરી, માથાનો દુખાવો, કફ, પેટનું દરદ, સાદ બેસી જવો, અપચો, શુળ, વગેરે મટી શરીર સતેજ બને છે.

---

૭૬ ચંદ્રોદયની ગોળીઓ.

બનાવટ—ચંદ્રોદય ઘુંટેલો તો૦ ૧ કાળાં મરી તો૦ ૧
લવંગ તો૦ ૧ જાયફળ તો૦ ૧
જાવંત્રી તો૦ ૧ ભીમસેની કપુર તો૦ ૧
અકલકરો તો૦ ૧ કસ્તુરી તો૦ ૦।

રીત—દરેક વસ્તુઓનુ બારીક કપડછાણ ચુર્ણ લેવું અને પ્રથમ એક ખરલમાં ઘુંટેલો ચંદ્રોદય નાંખી તેમાં ઉપરનું ચુર્ણ થોડું થોડું મેળવતા જવું. પછી તે જયારે બરાબર ઘુંટાઇ જાય ત્યારે તેમાં નાગરવેલનાં પાનનો રસ જોઇતા પ્રમાણમાં નાખી ત્રણ કલાક ઘુંટી ચણા જેવડી ગોળી વાળી. સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી દિવસમાં બે વખત સવાર સાંજ

અનુપાન—દુધ સાથે અથવા પાનમાં ખાઇ ઉપર દુધ પીવું

ઉપયોગ—ધાતુની નબળાઇ. વિર્યશ્રાવ, નસોનું સીથીલપણું મંદાગ્નિ, વાયુ, શરદી, ખાંસી, ક્ષય, દમ. પ્રમેહ, મગજની નબળાઇ વગેરે મટાડી વીર્યનો વધારો કરે છે તથા વાજીકરણ શક્તિ વધારે છે

પથ્ય—સારો અને પૌષ્ટિક ખોરાક લેવો, બજારની મીઠાઇ વાયડાં કે ખાટાં અને ગરમ પદાર્થોનો ઉપયોગ ન કરવો તેમ બ્રહ્મચર્ય પાળવું ખાસ જરૂરનું છે.

---

૭૭ વાયુહરી વજવટી.

બનાવટ—વજ ખુરાસાણી તો૦ ૨ આંબળા તો૦ ૪ સાકર તો૦ ૮ એ ત્રણે ખાંડી ચુર્ણ કરી પાણીમ ઘુંટી ટીકડી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી. આશરે ચાર આનીભારની ટીકડી બનાવવી.

પ્રમાણ—એકથી બે ટીકડી સવાર સાંજ બે વખત.

અનુપાન—દુધ અથવા પાણી સાથે.

ઉપયોગ—વાયુનાં દરદો, હીસ્ટીરીયા. અપસ્માર, ઉન્માદ તથા મગજનો કોઇપણ વાયુ મટી આરામ થાય છે.

---

૭૮ યષ્ટીમધુ વટી.

બનાવટ—જેઠીમધનો સીરો, આંબળા, વરીઆળી, મીંઢીઆવળ સાકર, તજ, એ છ ચીજો સમભાગે લઇ ખાંડી બારીક ચુર્ણ કરી થોડા દુધમાં ઘુંટી, ગોળીઓ ચણા જેવડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક ગોળીથી દશ ગોળી સુધી.

વાપરવાની રીત—મોંમાં રાખી સુસવી.

ઉપયોગ—ખાંસી, ગળાનો દુખાવો, સ્વરભંગ, કફ, થતો ક્ષય, સળેખમ, સુસ્તી, સુખી ખાંસી વગેરે મટે છે. ગોળી સ્વાદમાં સારી થાય છે. અવાજ સુધારે છે.

---

૭૯ કેશરાદિ વટી.

બનાવટ—શુધ્ધ રસકપુર, કેશર, સાકર, ઘસેલી સુખડનું ચુર્ણ, લવંગ, જાવંત્રી, એ સમ ભાગે લઇ એક સારી ખરલમાં નાંખી પાણી સાથે ઘુંટી મગના દાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨થી ૪ ગોળી દીવસમાં બે વખત.

અનુપાન—ઘીમાં ગોળી લપેટી ઉતારી જવી (ગળી જવી) ચાવવી નહિં જોઇએ.

ઉપયોગ—લોહીબિગાડ, ઉપદંશ, ચાંદી, વિસ્ફોટક, ગરમીનો રોગ, ગરમીનો સંધિવા, ગુંમડાં, વ્રણ રોગ, ગંભીર વ્રણ, કુષ્ટરોગ, ગલગંડ, લોહી તથા ત્વચા,ના તમામ જુનાં અને હઠીલાં દરદો, કુષ્ટ નાડીવ્રણ વગેરે દરદો માટે આ દવા ઘણી જાણીતી છે.

સુચનાં—આ દવા સાથે ગંધક રસાયન તેમજ મહામંજીષ્ઠાદિ કવાથ અથવા તો કોઇપણ રકત શોધક ગુગળ અને ત્રીફલા સાથે ગંધક મેળવી વાપરવાથી તરતમાં સારો ફાયદો આપે છે. અને મોઢું આવ્યા સિવાય જીર્ણરોગને દુર કરે છે. પરંતુ ધ્યાન રાખવું કે તેમાં રસકપુર જેવી ઝેરી વસ્તુ આવે છે માટે પથ્ય બરાબર રાખી વૈદ્યની સલાહ પ્રમાણે દવા ચાલુ રાખવી.

પથ્ય—મીઠા વગરના ભાત, રોટલી, મગની દાળ, ઘી, દૂધ, સાકર, માખણ, વગેરે લેવું. બીજો તમામ ખોરાક બંધ રાખવો.

---

૮૦ ગોક્ષુરાદિ ગુગળ.

બનાવટ—ગોખરૂનું પંચાગ તો૦ ૧૧૨ તેને અધકચર્યું કરી તેમાં પાણી તો૦ ૮૯૬ નાંખી કવાથ કરી અરધું રહે ત્યારે ઉતારી ગાળી નીચોવી લેવું. તે કવાથને ફરી ચુલે ચડાવી તેમાં શુધ્ધ ગુગળ તો૦ ૨૮ મેળવી પાક કરવો. પછી તેમાં શુંઠ, મરી. પીપર, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, મોથ, એ સાતે દવાઓ દરેક ચાર ચાર તોલાં લઇ તેનું ચૂર્ણ કરી તે ઉપરનાં પાકમાં નાંખી ગોળી વાળવા જેવું થતાં ઉતારી ઠંડુ કરી ગોળી બનાવી લેવી. સુકવી બાટલી ભરી રાખવી.

બનાવટ—૩થી ૬ ગોળી દરેક વખતે-દિવસમાં ૨થી ૩ વખત લેવી.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા દુધ સાથે.

ઉપયોગ—પ્રમેહ, મત્રકૃચ્છ, પ્રદર, મત્રાઘાત, પથરી, શુક્રદોષ, વિર્યશ્રાવ, વાતરકત, લોહીબિગાડ વગેરેમાં સારો ફાયદો આપે છે.

---

૮૧ વિષતિન્દુક વટી.

બનાવટ—શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, અજમો, હરડે છાલ, બહેડાં છાલ, આમળાં, પંચલવણ, ચિત્રકમુળ, જીરૂં, વાવડીંગ, શુંઠ, મરી, પીપર, એ દરેક ચીજો અકેક તોલો લેવી. શુધ્ધ કુચલા તો૦ ૧૮ લઇ તેને લીંબુના રસમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી દિવસમાં બે વખત જમ્યા પછી લેવી.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—વાયુનાં જુનાં દરદો. શુક્રદોષ, મગજનારોગ, હોજરીની નબળાઇ, મંદાગ્નિ, શુક્રની નબળાઇ વગેરે મટી શકિત લાવે તથા ભૂખ લગાડી ખાધું પચાવેછે.

---

૮૨ મંડુર વટી.

બનાવટ—દેવદાર, મોથ, દારૂહળદર, શુંઠ, મરી, પીપર, ચવક, ચિત્રક, પીપરીમુળ, તજ, વાવડીંગ, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, સુવર્ણ માક્ષીકભસ્મ, એ પંદર ચીજો સમાન ભાગે એટલે દરેક એકેક તોલો કરતાં પંદર તોલા, મંડુરભસ્મ તો૦ ૩૦ ગૌમુત્ર તો૦ ૪૪૦ તેને એક લોઢાના વાસણમા ગૌમુત્ર નાંખી ઉપરના વસાણાનું ચૂર્ણ તથા ભસ્મો મેળવી ધીમે તાપે ઉકાળી ગોળી વાળવા જેવું થાય ત્યારે ઉતારી લઇ સુકવી ગોળી ચણા જેવડી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—છાસ અથવા પાણી સાથે.

ઉપયોગ—કમળા, પાંડુ, હરસ, પ્રમેહ સોજા, નબળાઇ, બરલ અજીર્ણ, મંદાગ્નિ, કુષ્ટરોગ, કફરોગ વગેરેમાં વખણાય છે.

---

૮૩ કુંમકુમ વટી.

બનાવટ—કેશર, અફીણ સમભાગે લઇ મધમાં ચોખાપુર ગોળી બનાવી સુકવા રાખવી.

પ્રમાણ—ગોળી ૨ થી ૪ બાળક માટે એકજ ગોળી.

અનુપાન—પાણી સાથે

ઉપયોગ—ઝાડો, મરડો, આંચકી અનિંદ્રા તેમજ ચેન લાવવા ખાસ ઉપયોગી છે પીડાશામક તરીકે વપરાય છે.

---

૮૪ શંખ વટી.

બનાવટ—આંબલીનોક્ષાર તો૦ ૪ પંચ લવણ તો૦ ૪
શંખભસ્મ તો૦ ૪ ત્રીકટુ(શુંઠ, મરી, પીપર) તો.૪
વજ તો૦ ૨ હિંગ તો૦ ૨
શુધ્ધ ગંધક, શુધ્ધ પારો, શુધ્ધ વછનાગ, એ ત્રણે મળી તો૦ ૧

રીત—પારા ગંધકની કજલી બનાવી તેમાં બીજી દવાઓ મેળવી લીંબુના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દીવસમાં ૨ થી ૩ વખત.

અનુપાન—પાણી સાથે.

ઉપયોગ—ઉદરરોગ, વાયુ, અજીર્ણ, શૂળ, કોલેરા, મંદાગ્નિ, ગોળો વગેરેમાં ઉપયોગી છે.

---

૮૫ ગંધક વટી.

બનાવટ—લસણ. જીરૂં, શુધ્ધ ગંધક, સિંધાલુણ, શુંઠ, મરી, પીપર. શેકેલી હીંગ, સમભાગે લઇ ચૂર્ણ કરી લીંબુના રસમાં મર્દન કરી ચણાપુર ગોળી બનાવી કરી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ— ૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

અનુપાન—સ્હેજ ગરમ પાણી સાથે.

ઉપયોગ—વાયુ, અજીર્ણ, ઉલટી, મોળ, અરૂચી, શુળ, ઝાડા. કોલેરા વગેરેમા ઉતમ ઉપાયછે. કોલેરા માટે વખણાયછે.

સૂચના—કોલેરામાં ડુંગળીના રસ સાથે એક કે બબ્બે કલાકે બબ્બે ગોળી આપવી. ચાલુ રાખવાથી વાયુ શાંત થઇ ઝાડા બંધ થાયછે અને પેટ ચડતું નથી તેમજ ગરમી ટકી રહેછે.

૮૬ સંજીવની ગુટીકા.

બનાવટ—વાવડીંગ, શુંઠ, પીપર, હરડે, બહેડાં, આમળાં, વજ, ગળો, શુધ્ધ ભીલામો, શુધ્ધ વછનાગ, એ સર્વ સમભાગે ચુર્ણ રૂપમાં લઇ લેવાં.

રીત—ઉપરના ચુર્ણને ખરલમાં નાંખી ગૌમુત્રમાં ઘુંટી મગ જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

અનુપાન—આદુનો રસ અથવા સ્વચ્છ પાણી.

પ્રમાણ—૧ થી ૩ ગોળી, દિવસમાં ત્રણ વખત અથવા જરૂરત પ્રમાણે.

ઉપયોગ—અજીર્ણ, ઉલટી, જવર, ત્રિદોષ, ઝાડા, સન્નિપાત વગેરેમાં વપરાય છે.

સૂચના—ખાંસીવાળાને તેમજ હૃદયના કોઇ પણ રોગવાળા માટે આ દવા ન વાપરવી.

૮૭ ચંદ્રપ્રભા નંબર ૧ લો.

બનાવટ—કચુરો, વજ, મોથ, કરીઆતું, ગળો, દેવદાર, હળદર અતિવિષ, દારૂહળદર, પીપરીમુળ, ચિત્રક, ધાણાં હરેડદળ, બહેડાં, આમળાં, ચવક, વાવડીંગ, ગજપીપર, શુંઠ, મરી, પીપર, યવક્ષાર,

સાજીખાર, સિંધાલુણ, સંચળ, બીડલવણ, સુવર્ણ માક્ષિકભસ્મ એ દરેક તો૦ ના, નસોતર, દંતીમુળ, તજ, તમાલપત્ર, એલચી, વાસકપુર, દરેક તોલા બે બે, લોહભસ્મ તોલા૦ ૪, સાકર તોલા ૮, શીલાજીત તોલા ૧૬, ગુગળ તોલા ૧૬, એ સર્વનું ચુર્ણ કરી લેવું પ્રથમ ગુગળનો પાણીમાં કવાથ બનાવી તેમાં ઉપરનું ચુર્ણ તથા શિલાજીત મેળવી દેવાં બરાબર ઘટ થાય ત્યારે ગોળી વાળવા જેવું થતાં તેને જરા ઘી વાળો હાથ આપી ચણાપુર ગોળી વાળી છાંયે સુકવી લઇ બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

અનુપાન—પાણી, દુધ અથવા રોગાનુસાર.

ઉપયોગ—સ્ત્રીઓનાં ઋતુદોષ, પુરૂષોના ધાતુદોષ, વીર્ય વિકાર, પ્રદર, પ્રમેહ, ઉનવા, ભગંદર, વીર્યશ્રાવ, મુત્રકૃચ્છ, મુત્રાઘાત, પાડુ, પથરી, અંડવૃદ્ધિ, કમળો, દાહ, નેત્રરોગ, પિતદોષ વગેરે મટાડી શરીરને પુષ્ટ બનાવેછે. લાંબો વખત સેવન કરવાથી રસાયનીક ગુણ બતાવે છે.

---

૮૮ મુખ દુર્ગંધ નાશક વટી.

બનાવટ—મોથ, ઘહુંલા, જેઠીમધ, કુષ્ટ, ધાણાં, એલચી, જાવંત્રી, જાયફળ, તજ, કપુર, તેનું ચુર્ણ કરી પાણીમાં વાટી ગોળીઓ બનાવી લેવી. સુકવી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—મોઢામાંથી પરૂ જેવા ખરાબ વાસ નીકળતી હોય તો તે મટાડવા માટે આ ગોળી મોંમાં રાખી ચુસવી થોડી વારમાં ખરાબવાસ બદલી સારી વાસ આવશે અને હમેશા વાપરવાથી કાયમ નો મુખ રોગ પણ મટી જશે.

સૂચના—પેટ સાફ રાખવા ધ્યાનમાં રાખવું, કેમકે કબજીઆત થીજ આ દરદમાં વધારો થતો જણાયછે.

---

૮૯ પ્રમેહાંતક ગોળીઓ.

બનાવટઃ—વાંસકપુર, શીલાજીત, રૂમીમસ્તકી, ઇશશ, રાળ, ચીનીકબાલા, એલચી, હળદર, એ સર્વ સમ ભાગે લઇ વાટી ચૂર્ણ બનાવી સુખડના તેલમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી લઇ બાટલી ભરી રાખવી.

પ્રમાણ— ૨ ગોળી દીવસમાં ત્રણ વખત.

ઉપયોગ—તણખીયો પ્રમેહ, ઉનવા, પેશાબમાં બળતરા થવો, રસી આવવી વગેરે તમામ દરદોને તરતમાં આરામ આપે છે. ચોવીશ કલાકમાં ૭ ડોઝ લેવાથી તત્કાળ શાંતિ થાય છે.

---

૯૦ સુગંધી તેલ.

બનાવટ—વાળો તો. ૧૦	કપુરકાચડી તો. ૫
કચુરો તો. ૫	પાનડી તો. ૫
નખલા તો. ૨॥	ઘહુંલા તો ૨॥
સુખડનો વહેર તો. ૧૦	બાબચી તો. ૨॥
તગર તો. ૨॥	અગર તો. ૫
બ્રાહ્મી તો. ૫	મોથ તો. ૧૦
ગુલાબનાં ફુલ તો. ૫	તજ તો. ૨॥
તમાલપત્ર તો. ૨॥	તલનું તેલ શેર ૮ (તો. ૬૪૦)

રીત—ઉપલાં વસાણા અધકચર્યાં ખાંડી તેમાં તેલ નાંખી એક વાસણમાં આઠ દીવસ પલાળી મુકવું. પછી સુકાં આંબળા શેર ૦॥ (તો. ૪૦) લઇ તેને પાણી શેર ૧૦માં ઉકાળો કરી પાણી શેર ૫ રહે ત્યારે તેમાં ઉપલાં વસાણાં અને તેમાં નાંખેલ તેલ એ સર્વ નાખી ચુલે ચડાવી ધીમે તાપે પકાવવું. પાણી બળી જાય ત્યારે તેમાં રંગ

લાવવા માટે લીલાં આમળાના પાનનું ચુર્ણ તો. ૨૦ આશરે નાખવું યાતો લાલ રંગ લાવવું હોય તો જાસુંદીનાં ફુલ તો. ૫ નું ચુર્ણ નાખી બરાબર પાક થાય કે ઉતારી લેવું. ધ્યાન રાખવું કે પાણી ને તેલ બે સાથે પકાવવાનાં છે તેથી ઉભરો આવી બહાર ન નીકળી જાય માટે અગ્નિ ધીમી રાખવી. વાસણ ચારગણું મોટું રાખવું તો હરકત થશે નહિ. બરાબર પાકી જાય ત્યારે ઉતારી લઇ ઠંડુ થયે કપડાથી બેવાર ગાળી બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—શરીરે ચોળવા, માથામાં નાંખવા આ તેલ ઘણુંજ ઉત્તમ છે. સ્વચ્છ અને ચીકાશ રહીત હોવા સાથે ગુણમાં ઠંડુ બાલ વધારનાર તથા બાલને કાળા ને મજબુત બનાવે છે. આ તેલ લાંબો વખત સુધી બગડતું નથી. કારણ કે તે પાકું થએલું છે.

---

૯૧ મહા સુગંધી તેલ.

બનાવટ—રતાંજળી, ચંદન, અગર, દેવદાર, પતગ, પદમક, કપુર, કેશર, કસ્તુરી, જાયફળ, જાવંત્રી ગુગળ, નાગકેશર, લવંગ, એલચી, મોટી એલચી, ચીનીકબાલા, તજ, તમાલપત્ર, વાળો, છડીલો, દારૂહળદર, મોરવેલ, કચુરો, શિલાજીત, નાગરમોથ, નગોડનાંફુલ, ઘઉંલા, લોબાન, ગુગળ, કાળોવાળો, નખલા, ધાવડીનાંફુલ, પીપરીમુળ, મજીઠ, તગર, મીણ, એ દરેક અકેક તોલો લઇ તેને ખાંડી જાડો ભુકો કરી તેમાં પાણી શેર ૪ (તોલા ૩૨૦) નાંખી કવાથ બનાવવો. ચતુર્થાંસ બાકી કવાથ રહે ત્યારે ગાળી તેમાં તલનુ તેલ તોલા ૨૫૦ નાંખી ધીમે તાપે પાક કરી પાણી બળી જાય ત્યારે ઉતારી તેમાં કસ્તુરી, કેશર, મીણ, શીલાજીત, કપુર, ગુગળ, એ છ વસ્તુઓ પ્રથમ નહિ નાંખતાં પછી તેમાં નાંખી દેવી અને ઠંડુ થાય ત્યારે ગાળી બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—શરીરે માલીશ કરવાથી તેમજ માથામાં નાંખી ઘસવાથી નીચે લખેલા ફાયદા થાય છે.

ઉપયોગ—ખોટી ગરમી, ખસ, ખુજલી, લોહીવિકાર, ત્વચારોગ, માતાનાં ચાઠાં, નબળાઇ, માથાનો દુખાવો, બાલ ખરીજવા, આંખોની ગરમી, આંખોનુ તેજ કમી થવુ, ધાતુ ક્ષીણુતા, હાથ પગમાં થનો દાહ, જીર્ણજ્વર, વગેરે મટાડી શરીરમાં બળ લાવે છે તેમજ ચામડી સુંવાળી નરમ રેશમ જેવી બનાવે છે. સુગંધ સારી હોવાથી માથામાં નાખવા માટે પણ સારૂં છે.

---

૯૨ બ્રાહ્મી તેલ.

બનાવટ—બ્રાહ્મી તો૦ ૨૦	નસોતર તો૦ ૨॥
કંતીમુળ તો૦ ૨॥	કચૂરો તો૦ ૨॥
વાળો તો૦ ૫	મરી તો૦ ૧
કપુર કાચડી તો૦ ૨॥	વાડીંગ તો૦ ૨॥
ઘહુંલા તો૦ ૧	ચંદન તો૦ ૨॥
ગરમાળો તો૦ ૫	આમળા તો૦ ૨૦
તલનું તેલ શેર ૫	પાણી શેર આઠ

રીત—એક મોટા વાસણમા ઉપરની વસ્તુઓનું જુદું ચૂર્ણ નાખી પાણીમાં કવાથ કરવો. ચતુર્થાંસ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તે પાણીમાં તેલ નાંખી ધીમે તાપે પાક કરતાં પાણી બળી જાય ત્યારે ઉતારી ઠંડુ થયે છાણી લઇ બાટલીઓ ભરી રાખવી.

ઉપયોગ—માથાની ગરમી, અપસ્માર, વાઇ, ઉન્માદ, યાદ શકિતની નબળાઇ, હીસ્ટીરીયા, વાયુ, માથાનું દરદ, વાળ ખરી જવા ખોડો થવો, વગેરે મટી વાળ વધારેછે અને બુધ્ધિની વૃધ્ધિ કરેછે.

વાપરવાની રીત—માથામાં ઘસવું.

૯૩ વાતનાશક તેલ.

બનાવટ—સરસડાનાં પાન તો૦ ૫ ધતુરાનાં પાન તો૦ ૫
શતાબનાં પાન તો૦ રાા અજમો તો૦ રાા
ખુરસાણી વજ તો૦ રાા કપુર તો૦ ૧
વછનાગ તો૦ ૧ સિંધાલુણ તો૦ રાા
શુઠ તો૦ રાા

સર્વને સાથે વાટી ખાંડી લુગદી બનાવી લેવી. પછી તલનું તેલ તો૦ ૬૦ લઇ તેને બરાબર ગરમ કરી તેમાં ઉપરની તૈયાર કરેલી લુગદી નાંખી ધીમે તાપે પાચન કરવું. અને બરાબર તેમાં રંગ આવી ફીણ આવતું બંધ પડે ત્યારે ઉતારી કપડાથી ગાળી ઠંડું થયે બાટલી ભરી રાખવી.

વાપરવાની રીત—દુખતી જગાને પ્રથમ સ્હેજ ગરમ પાણીથી ધોઇ સાફ કરી તેના પર તેલથી નરમ હાથે સારી રીતે માલીશ કરવી અને ઉપર શેક કરવો.

ઉપયોગ—વાયુના વિકારથી થતું શુળ, અંગ ઝલાઇ જવું લકવો, પક્ષાઘાત, ઉરૂસ્તંભ, કંપવા, હાડકું કે માંસ સુકાઇને પીડા થવી, વાયુને લીધે સોજો થઇ આવવો વગેરે વાત વ્યાધિમાં આ તેલ લગાડવાથી તરત સારો ફાયદો થાય છે.

સૂચના— તેલ લગાડયા પછી તેલ વાળા હાથ સાબુ વડે બરાબર ધોઇ સાફ કરવા કેમકે આ તેલ ખાવામાં ન વપરાય તેવી બનાવટનું છે.

---

૯૪ બિલ્વાદિ તેલ.

બનાવટ—બીલીનું ગરભ તો૦ રાા તલનુ તેલ તો૦ ૧૦
ગૌમુત્ર તો૦ ૧૦

રીત—પ્રથમ બીલીનું ગરભ લાવી તેમાં થોડું ગૌમુત્ર નાંખી લુગદી બનાવી લેવી. અને તે લુગદીને એક જગા પર મુકી ધીમા તાપ ઉપર

એક શેર તેલ માય તેવા મોટા લોઢાના વાસણમાં તેલ મુકી તેમાં ગૌમુત્ર થોડું તથા તે લુગદી નાંખી ધીમી આંચે પકાવવું ગૌમુત્ર બળી જઇ લુગદા રાતી થઇ જાય ત્યારે ઉતારી લઇ ઠંડુ થયે કપડે ગાળી શીશી ભરી લેવી.

વાપરવાની રીત—કાનમાં ટીપાં બે થી ચાર નાંખવાં.

ફાયદો—કાનનું શુળ, બહેરાપણું, રસી વહેવી, વગેરે કાનનાં દરદો મટે છે. દિવસમાં બે વખત નાંખવું.

---

૯૫ જાત્યાદિ ઘૃત.

બનાવટ—જાઇનાંપાન, કડવા લીંબડાનાપાન, પટોલપત્ર, હળદર, દારૂહળદર, કડુ, મજીઠ, જેઠીમધ, મીણ, કરજના બીજ, વાળો, અનંતમુળ, મોરથુથો એ સર્વને કુટી પાણીમાં વાટી લુગદી બનાવી લેવી. ઉપરની દરેક દવા અકેક તોલાના વજને લેવી. પછી તે માટે એક લોઢાની કડાઇમાં જુનું ઘી તોલા ૫૨) લઇ ગરમ કરી તેમાં ઉપરની લુગદી નાખી ધીમે તાપે પકવવી. જ્યારે ઘી દવાઓને લીધે લીલું થઇ જાય અને ઓસડીઆંનો મત્વ બરાબર આવી જાય ત્યારે પાકો થયો સમજી ઉતારી ગાળી ઠંડું થાય કે બાટલી ભરી રાખવો.

વાપરવાની રીત—નાડીવ્રણ વગેરેમાં વાટ બોળીને કે મલમના રૂપે લગાડી પાટો બાંધવો.

ઉપયોગ—જુનાં નાડીવ્રણ, વ્રણ, મોટાં ઘારાં, ગંભીર વ્રણ, દુષ્ટ વ્રણ, ચાઠા વગેરે મટાડવા આ દવા અનુભવીઓમાં બહુ વખણાય છે અને પ્રસિદ્ધ છે તેમજ સારો ફાયદો બતાવે છે.

---

૯૬ વાસાવલેહ.

બનાવટ—અરડુસીના લીલાંપાન તો. ૨૦૦ તથા પાણી તો૦ ૧૬૦૦ લાવી તેને ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યાં સુધી ઉકાળો કરી ઠંડુ થયે ગાળી લેવું.

રીત—ઉકાળેલા કવાથના પાણીમાં હરડેનું બારીક ચૂર્ણ તો૦ ૧૨૮ તથા સાકર તો૦ ૧૨૮ નાંખી મંદાગ્નિવડે અવલેહ જેવો પાક તૈયાર કરવો. તૈયાર થાય ત્યારે પીપર તો૦ ૨, વંસલોચન તો૦ ૪ તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ ચારે મળી તો૦ ત્રણ એ સર્વનું ચૂર્ણ નાંખી નીચે ઉતારી ઠંડુ થયે તેમાં મધ તો૦ ૨૦ નાંખી ચીનીની બરણીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧થી ૨ તોલા જરૂર જણાય ત્યારે. દિવસમાં બે વખત

અનુપાન—દવા ચાટી ઉપર દુધ પીવું.

ઉપયોગ—ખાંસી, ક્ષય, ઉરઃક્ષત, રકતપિત, લોહીવાળી ખાંસી, જીર્ણજવર, કફ, હૃદયરોગ, વગેરે મટાડેછે.

---

૯૭ ચ્યવન પ્રાશાવલેહ.

બનાવટ—કાંકચ, અરણી. બીલી, અરડુસો. શીવણ, ગોખરૂ, શાલપર્ણી, પૃશ્નપર્ણી, ભોંરીંગણી, ઉભીરીંગણી, (આને દશમુળ કહેછે) પીપર, કાકડાશીંગ, દ્રાક્ષ, ગળો, હરડેછાલ, બળદાણા, ભોંઆમળાં, અરડુસી, મીઠી ખરખોડી, કચૂરો, શતાવરી, આશુંઠ, વિદારીકંદ, વારાહીકંદ, મોથ. પુષ્કરમુળ, પીલુડી, સાટોડી, કમડકાકડી, જંગલીમગ. જંગલી અડદ, એલચી, અગર, સુખડ, એ દરેક તોલા ચાર ચાર લઇ અધકચર્યાં કરી લઇ તેનો પાણી તોલા ૨૫૦૦ માં કવાથ કરવો. કવાથનું અર્ધું પાણી બળે ત્યારે તેમાં લીલાં આમળાં નંગ ૫૦૦

નાંખી દેવાં. જ્યારે કાઢો અષ્ટમાંસ રહે ત્યારે ઉતારી કપડેથી ગાળી લઇ જુદો રાખવો, અને આમળાં જુદાં લઇ તેને કલઇવાળા વાસણમાં રાખી છુંદી લઇ જાડા કપડાથી છાણી માવો કાઢી જુદો મુકવો. ત્યાર બાદ ઘી તોલા ૩૦ લઇ તેમાં આમળાંનો માવો બરાબર શેકી લઇ લાલ થાય ત્યારે ઉપરનો રહેલ ક્વાથ નાંખી તેમાં સાકર તોલા ૪૦૦ નાંખી ધીમે તાપે પાક કરવો, બરાબર ચાટણ જેવું થાય ત્યારે તેમાં પીપર તો૦ ૮, વસંલોચન તો૦ ૧૬, તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી એ દરેક તોલો ૧॥ એ સર્વનું ચૂર્ણ બારીક કરેલું હોય તે ઉપર નાંખી ચુલેથી ઉતારી ટંડુ થાય ત્યારે મધ તો૦ ૬૦ નાંખી મેળવી સારા વાસણમાં ભરી રાખવું, (બનેતો ચીનીના કે કાચના કે માટીના વાસણમાં ભરી રાખવું).

પ્રમાણ—ભૂખે પેટે ૨ થી ૪ તોલા, સવાર સાંજ બે વખત

અનુપાન—તાજું કે ગરમ કરેલું દુધ રૂચી પ્રમાણે પીવું.

ઉપયોગ—ક્ષય, ધાતુક્ષીણતા, મંદાગ્નિ. નબળાઇ, માથાનુ-દરદ, ખાંસી. શ્વાસ, હૃદયરોગ, મુત્રદોષ, નેત્રરોગ વગેરે મટી દુધ પાચન થાયછે. અનેક જુના રોગો મટાડી પુષ્ટિ આપેછે.

---

૯૮ પંચામૃત ચાટણ.

બનાવટ—શુંઠ, મરી પીપર, સિંધાલુણ એ દરેક એકેક તોલો કાળીદ્રાક્ષનાં બી કાઢી લીધેલ ચોખો મેંદા જેવો લોદો તો૦ ૪૦.

રીત—પ્રથમની ચાર વસ્તુઓનું બારીક ચૂર્ણ કરી પછી કાળી દરાખનાં લોંદાને ખરલમાં નાંખી ઘુંટવું ને તેમાં ઉપરનું ચુર્ણ મેળવી દઇ એક નાની બરણી પહોળામોંની લઇ તેમાં ભરી રાખવુ.

પ્રમાણ—તો૦ ૦॥ થી ૨ સુધી.

સમય—જરૂર પ્રમાણે અથવા સવાર સાંજ.

અનુપાન—રૂચી પ્રમાણે ગમે તે અથવા કાંઇ પણ નહિ હોય તો પણ ચાલશે.

ઉપયોગ—અરૂચી, વાયુ, કફ, ચીકાશ મોઢાની, મોળ, ઉલટી, શરદી, તાવ, ખાંસી, મંદાગ્નિ, ઇન્ફ્લુએન્ઝા, ત્રિદોષ, તાવ, કબજીઆત વાયુની ચુંક, વગેરેમાં રૂચી લાવી દરેક ફરિયાદને શાંત કરી પેટને સાફ કરેછે.

---

૯૯ બ્રાહ્મી સરબત.

બનાવટ—સુકાં બ્રાહ્મીના પાન તો૦ ૮૦ ને સાફ કરી લેવા તેમજ સાકર શેર અઢી (પાંચ રતલ) સ્વચ્છ પાણી શેર ૪.

રીત—પ્રથમ એક સારા કલઇ કરેલા તપેલામાં બ્રાહ્મીના સાફ કરેલાં પાન લઇ તેમાં પાણી શેર ચાર નાંખી તેનો ધીમી આંચે ઉકાળો તૈયાર કરવો. ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું, ગાળેલો કવાથ હોય તેમાં સાકર નાખી શરબત જેવી કડક ચાસણી કરી લઇ ઉતારી કપડે ગાળી ઠંડું થયે બાટલી ભરી રાખવી, આશરે ૫ થી ૬ રતલ શરબત થશે.

પ્રમાણ—૧। તોલો, આખા દિવસમાં અઢી તોલા.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી સાથે મેળવીને લેવું.

ઉપયોગ—મગજની, જ્ઞાનતંતુઓની તેમજ લોહીની નબળાઇ, યાદશકિતની ખામી. માથાનું દરદ, ચક્કરી, ઉન્માદ, હીસ્ટીરીયા, વાયુ, ગાડપણ વગેરેમાં બુદ્ધિ વર્ધક તથા ઉતેજક તરીકે વપરાય છે.

સૂચના— આ દવા વાપરતાં જો ગરમ જણાય તો એક અઠવાડીયું દવા વાપરી ત્રણ ચાર દિવસ બંધ કરી ફરી પાછું શરૂ કરવું, આ પ્રમાણે વાપરવાથી ગરમ નહિ જણાય.

૧૦૦ સાલમપાક.

બનાવટ—સાલમ શેર ૦।

સાલમ શેર ૦।	ધોરી મુશળી તો. ૫
કાળી મુશળી તો. ૫	એખરો તો. ૨॥
નરગંડી તો. ૨॥	પીપર તો. ૨॥
અકરકરો તો. ૨॥	બલદાણા તો. ૨॥
કૌચબીજ તો. ૧૦	જાયફળ તો. ૨॥
જાવંત્રી તો. ૨॥	કેશર તો. ૨
તજ તો. ૨॥	તમાલપત્ર તો. ૨॥
સુંઠ તો. ૫	લવંગ તો. ૨॥
વંસલોચન તો. ૫	શીગાડા તો. ૫
ચીનીકબાલા તો. ૫	આસુંઠ તો. ૫
મરી તો. ૨॥	એલચી તો. ૫
નાગકેશર તો. ૫	ભીમસેની કપુર તો. ૧।
બદામ બીજ શેર ૦।	પીસ્તાં શેર ૦।
કસ્તુરી તો. ૦।	અંબર તો ૦।
ઘી શેર ૮	સાકર શેર ૮
ભેંસનું દુધ શેર ૨૦	અડદની દાળનો લોટ શેર ૧।

રીત—પ્રથમ દુધમાં સાલમનો ભુકો નાખી માવો બનાવી તેની ઘીમાં કીટી કરી લેવી. પછી અડદની દાળનો લોટ લઇ તેની કીટી કરી લેવી એ જુદાં રાખી સાકરની ચાસણી બનાવી તેમાં કીટી નાખી પાકની રીતે પાક બનાવવો કીટી નાખ્યા પછી ઉપરની સર્વ વસ્તુઓ નું ચુર્ણ નાખી મેળવી તેમાં ઘી તમામ નાખી દઇ તે ઉપર કેશર, બદામ, પીસ્તાં, અબર, કસ્તુરી વગેરે નાંખી દેવાં. અને ઇચ્છા હોય લોહભસ્મ તો. ૨, પ્રવાળભસ્મ તો. ૨, બંગભસ્મ તો. ૨, તથા અભ્રકભસ્મ તો. ૨ મેળવી નાખી દઇ મોટા વાસણમાં પાકનાં ચોસલાં પાડી દેવાં. ઠંડુ થએ કાઢી બરણીમાં ભરી રાખવો.

પ્રમાણ—પથી ૧૦ તોલા સુધી.

અનુપાન—દુધ પચે તેટલું તેમજ પૌષ્ટિક ખોરાક લેવો.

ઉપયોગ—શિયાળામાં શકિતવર્ધક તરીકે વાપરવાથી સારો ફાયદો થાય, ધાતુ પુષ્ટ થાય, અનેક રોગ વાયુ તથા ધાતુઓ રાગદીનાં મટે.

---

૧૦૧ સ્વાદિષ્ટ ખારેક.

બનાવટ—છુવારી ખારેક તો૦ ૪૦ પીપર તો૦ રાા
શુંઠ તો૦ ૧ જાવંત્રી તો૦ ાા
વછનાગ તો૦ ાા મરી તો૦ રાા
તજ તો૦ રાા પીપરીમુળ તો૦ રાા
સીંધાલુણ તો૦ ૧ સંચળ તો૦ ર
લીંબુનો રસ જરૂર પ્રમાણે.

રીત—પ્રથમ ખારેકનાં ઠળીઆ કાઢી નાંખી તેને લીંબુના પુરતા રસમાં પલાળી મુકવી. અને પછી ઉપરનાં બીજાં વસાણાંનું ચુર્ણ લઇ સાથે મેળવી એ ત્રણ દિવસ પલાળી રાખી સુકાય કે તેને ખાંડી દાણાં દાર ચુર્ણ બનાવી બાટલી ભરી રાખવા.

પ્રમાણ—રૂચી મુજબ અથવા ાા થી ૧ તોલો.

અનુપાન—સ્વચ્છ પાણી સાથે.

સમય—જમ્યા પહેલાં કે પછી, સવાર સાંજ.

ઉપયોગ—રૂચી વધારનાર. વાયુ મટાડનાર તથા પાચન અને મળની શુધ્ધિ કરનાર તરીકે વપરાયછે. સ્વાદમાં ઘણીજ સારી થાયછે. ભૂખ બહુજ લગાડી પાચન શકિત બળવાન કરેછે.

---

૧૦૨ બાલરોગાન્તકારિષ્ટ.

બનાવટ—જેઠીમધ તો૦ ૨૦ હરડે તો૦ ૨૦
શતાવરી તો૦ ૨૦ આમળા તો૦ ૨૦
કાળી દરાખ તો૦ ૮૦ કડુ તો૦ ૧૦
કરીઆતું તો ૧૦ ગળો તો૦ ૧૦
કાકડાશીંગ તો૦ ૧૦ નાગરમોથ તો૦ ૧૦
આ સર્વ વસ્તુઓને ઉપરના તોલથી લઇ કચરી લેવી.

રીત—અધકચરેલી ઉપરની વસ્તુઓ લઇ તેને પાણી તોલા બે હજારમાં નાંખી ઉકાળો કરી બાકી તોલા ૫૦૦ જ્યારે રહે ત્યારે ઉતારી કપડાથી ગાળી તેમાં મધ તો૦ ૧૦૦ તથા સાકર તો૦ ૧૦૦ નાંખી તેને આઠ દિવસ ખુલ્લું બરણીમાં કપડું ઢાંકી રાખી મુકવું ખમીર આવી જાય ત્યારે ફરી કપડેથી ગાળી તેમાં નીચેની વસ્તુઓનું જાડું ચુર્ણ કરી નાખી બરણી પેક કરી એક માસ સુધી રાખી મુકી પછી તેને ગાળી બાટલીમાં ભરી ત્રણ માસ રાખી મુકવુ. અને ત્યાર બાદ વાપરવું.

ચીજોના નામ—તજ તો૦ ૨ તમાલપત્ર તો૦ ૨
એલચી તો૦ ૨ અતિવિષ તો૦ ૨
પીપર તો૦ ૨ કેશર તો૦ ૦॥
મંડુરભસ્મ તો૦ ૨ ધાવડીનાં ફુલ તો૦ ૧૦
દાડમછાલ તો૦ ૨

પ્રમાણ—૧થી ૧૨ માસ સુધી માટે ૩૦ ટીપાં, એક વર્ષથી તે ૩ વર્ષ સુધી માટે ૬૦થી ૧૦૦ ટીપાં સૂધી.

વાપરવાની રીત—દવાના સમ ભાગે પાણી લઇ તે સાથે મેળવી લેવું.

સમય—દિવસમાં બેથી ત્રણ વખત આપવું.

ઉપયોગ—બાળકોનો તાવ, ખાંસી, ઝાડા, ઉલટી, શરદી. કબજીઆત, લોહીબિગાડ, નબળાઇ, મંદાગ્નિ, અપચો, બાળશોષ, વગેરે તમામ દરદોમાં વાપરી શકાય છે.

---

૧૦૩ રક્ત શોધીની

બનાવટ—અંનતમુળ તો૦ ૧૦૦ દરાખ તો૦ ૧૦૦
પાણી શેર ૨૫ (બંગાલી) જેઠીમધ તો૦ ૫
આમળા તો૦ ૨॥ હરડેછાલ તો૦ ૨॥
લવંગ તો૦ ૧ તજ તો૦ ૧
પીપર તો૦ ૧॥ મરી તો૦ ૧॥
ધાવડીના ફુલ તો૦ ૧૦ શાકર શેર ૩

રીત—પ્રથમ અનંતમુળ તથા કાળી દરાખનો કાઢો વિધીસર કરી ઠંડુ થયે કપડે ચાળી તેમાં શાકર મેળવી તથા ઉપરનાં નવ વસાણાનું ચુર્ણ (જરા જાડું)મેળવી બરણીમાં પેક કરી બે માસ સુધી રાખી મુકવું. અને ત્યાર બાદ ગાળી બાટલી ભરી જરૂર પડે ત્યારે ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તો૦ ।। થી ૨॥.

સમય—સવાર સાંજ બે વખત.

અનુપાન—દવાના પ્રમાણ જેટલું પાણી મેળવી લેવું.

ઉપયોગ—ગરમીનો સંધિવા, ઉપદંશ, ખુજલી, લોહીબીગાડ, ખસ, દાદર, સંધિવા, ગરમી, બોટોદાહ, મગજની ગરમી, પેશાબની મુશ્કેલી, પ્રમેહ વગેરે ગરમી-પીતની સર્વ વ્યાધિ મટાડી દસ્ત સાફ લાવેછે.

---

૧૦૪ રોહીતારિષ્ટ.

બનાવટ—રગત રોહીડાની અંતરછાલ તો૦ ૨૦૦) અધકચરી લઇ તેમાં પાણી તો૦ ૨૦૦૦ નાંખી ચતુર્થાંસ કવાથ બનાવી ગાળી લઇ તેમાં ગોળ તો૦ ૪૦૦ નાંખી મેળવી દેવું અને તેમાં ધાવડીનાં ફુલ તો૦ ૩૨, પીપર, પીપરીમુળ, ચવક, ચિત્રક, શુંઠ તજ, તમાલપત્ર એલચી, હરડા, બહેડા. આમળા, એ દરેક ઔષધો બબે તોલા લઇ કુટી જાડી ચાલણીમાંથી ચાળી તેમાં મેળવી એક બરણીમાં ભરી દોઢ માસ રાખી મુકવું. અને ત્યાર બાદ ગાળી લઇ તેને પંદર દીવસ છણુવા દઇ ફરી ગાળી લઇ ઉપયોગમાં લેવું.

પ્રમાણ—૧। થી ૨॥ તોલા સુધી દિવસમાં બે વખત.

અનુપાન—પાણી સાથે મેળવીને લેવું.

ઉપયોગ—હરસ, મંદાગ્નિ, પાંડુરોગ, પ્લીહા, યકૃતરોગ, ઉદર-રોગ, સોજા, કલેજાનાં દરદો, સગ્રહણી, હૃદયરોગ, અરૂચી વગેરે મટાડી દસ્ત સાફ લાવેછે.

---

૧૦૫ લોહાસવ.

બનાવટ—લોહભસ્મ તો૦ ૪, શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં આમળા, અજમોદ, વાવડીંગ, નાગરમોથ, ચિત્રકછાલ એ દરેક ચારચાર તોલા લઇ તેનુ ચુર્ણ કરી તેમાં લોહભસ્મ મેળવી તેમાં ધાવડીનાં ફુલ તોલા ૨૦ નાંખી પછી એક વાસણમાં નાખી તેમાં મધ તોલા ૬૪ ગોળ તો. ૧૦૦ અને પાણી તોલા ૫૦૦ મેળવી હલાવી એક બરણીમાં ભરી પેક કરી દોઢ માસ રાખી મુંકવુ. ત્યાર બાદ ગાળી ફરી પંદર દહાડા રહેવા દઇ પછી ફરી ગાળી લઇ ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧।થી ૨॥ સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી સાથે મેળવીને પીવો.

ઉપયોગ—પાંડુ, સોજા, ગુલ્મ. અરૂચી, ઉદરરોગ. હરસ, કોઢ પ્લીહા, ખુજલી, ખાંસી. શ્વાસ, ભગંદર, અરૂચી. સંગ્રહણી, હૃદય રોગ વગેરેમાં વાપરવાથી ઠીક ફાયદો આપે છે. જુનાં દરદો મટાડે છે.

---

૧૦૬ દ્રાક્ષાસવ.

બનાવટ—કાળી દરાખ તોલા ૨૦૦ પાણી તોલા ૨૦૦૦માં કવાથ બનાવી ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

રીત—ઉપરના ગાળેલા કવાથમાં સાકર તોલા ૧૫૦ તથા મધ તોલા ૧૫૦ નાખી મેળવી તેમાં ધાવડીનાં ફુલ તોલા ૩૨ ગ્રણકબાબ, લવંગ, જાયફળ, મરી, તજ, એલચી. પીપર, નાગકેસર તમાલપત્ર, રેણુકબીજ, ચવક. ચિત્રક, પીપરીમુળ, એ તેર ઔષધો દરેક બબે તોલા લઇ એ સર્વને ખાંડી જરા જાડી ચાળણીથી ચાળી બરણીમાં ઉપરના મીશ્રણ સાથે મેળવી દોઢ માસ ભરી રાખવું અને પછી ગાળી લઇ પંદર દીવસ છણુવા દઇ ફરી વાર ગાળી લઇ પછી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—રા થી રાા તોલા જરૂર પડે ત્યારે.

અનુપાન—પાણી સાથે મેળવીને પીવો.

ઉપયોગ—ઉરક્ષત. ખાંસી, સંગ્રહણી. મંદાગ્નિ. અર્શ ગુલ્મ, કૃમી. ઉદરરોગ નબળાઇ, અરૂચી સુસ્તી, થાક, જવર. નેત્રરોગ. પાંડુ રોગ. અનિદ્રા વગેરે મટાડી ભૂખ લગાડે તથા દસ્ત સાફ લાવે છે. અને હુશીયારી લાવે છે.

---

૧૦૭ અશોકારિષ્ટ.

બનાવટ—આશોપાલવની છાલ તોલા ૨૦૦ને અધકચરી કરી તેમાં પાણી તોલા ૨૦૦૦ નાંખી ધીમે તાપે ઉકાળો કરી ચોથા ભાગનું

પાણી બાકી રહે ત્યારે ઉતારી લઇ કપડે ગાળી લેવું. તેમાં ગોળ તોલા ૨૦૦ મેળવી દેવો પછી ધાવડીનાં ફુલ તોલા ૩૨. શાહજીરૂ, મોથ, શુંઠ, દારૂહળદર, કમળકાકડી, હરડેછાલ, બહેડાંછાલ, આમળા, આંબાની ગોટલી, જીરૂં, અરડુસાની છાલ. સુખડ એ દરેક વસ્તુ બબે તોલા લઇ ખાંડી ચુર્ણ કરી ઉપરના પ્રવાહીમાં મેળવી બરણી ભરી દોઢ માસ રાખી મુકી પછી ગાળી લેવું. ત્યાર બાદ પંદર દિવસ છણવા દઇ ફરી ગાળી ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧થી ૨ા દિવસમાં બે વખત.

અનુપાન—ચોખાનું ધોણ અથવા સ્વચ્છ પાણી સમ ભાગે.

ઉપયોગ—શ્વેત પ્રદર, રકતપ્રદર, જ્વર, રકતપિત. રકતશ્રાવ, અર્શ. મંદાગ્નિ, અરૂચી, પ્રમેહ, સોજા વગેરે સ્ત્રીઓનાં તમામ રોગોમાં સારો ફાયદો આપી ગર્ભાશય શુદ્ધ બનાવે છે.

૧૦૮ વાસાસવ.

બનાવટ—અરડુસીના તાજા પાન તોલા ૨૦૦ તેને અધ કચર્યાં કરી તેમાં પાણી તોલા ૧૬૦૦ નાંખી ઉકાળો કરી ચતુર્થાંસ બાકી રહે ત્યારે ઉતારી લઇ ગાળી લેવું. અને તેમાં ગોળ તોલા ૪૦૦ નાંખી મેળવી દેવું. પછી તેમા ધાવડીનાં ફુલ તોલા ૩૨ તજ. તમાલ પત્ર, એલચી. નાગકેસર. ચણકબાબ, મરી, વાળો. દરેક તોલા ચાર ચાર લઇ તેનું ચુર્ણ કરી મેળવી દઇ બરણીમાં ભરી રાખવું દોઢ માસ રાખ્યા પછી ગાળી લેવું ને પંદર દહાડામાં છણાં રહે કે ગાળી પીવાના ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧થી ૨ા દિવસમાં બે વખત.

અનુપાન—સમભાગે પાણી મેળવીને પીવું

ઉપયોગ—ઉધરસ, ક્ષય, ઉર:ક્ષત, જીર્ણજ્વર, સોજા વગેરેમાં સારો ફાયદો આપે છે.

૧૦૯ કુમાર્યાસવ.

બનાવટ—પાકેલી કુંવારનાં લફરાં તોલા ૧૦૨૪ ગોળ તોલા ૪૦૦ હરડેછાલનું ચૂર્ણ તોલા ૧૦૦ પાણી તોલા ૧૦૨૪ એ સર્વેને ઉકાળવું. જ્યારે ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી લઇ ગાળી લેવું ને તેમાં, મધ તોલા ૨૫૬ ધાવડીનાં ફુલ તોલા ૬૪ જાયફળ, લવંગ, કબાબચીની, જટામાસી, ચવક, ચિત્રક, જાવંત્રી, કાકડાસીંગ, બહેડાં છાલ, પુષ્કરમુળ, એ દરેક તોલા ૪ લઇ તેનું ચુર્ણ કરી તે સાથે લોહભસ્મ તોલા ૨ તામ્રભસ્મ તોલા ૨ નાખી મેળવી બરણી ભરી દોઢ માસ સુધી રાખવું. પછી ગાળી લઇ પંદર દહાડા છણી રહે ત્યારે ઉપયોગમાં લેવું.

પ્રમાણ—તોલા ૧ાથી ૨ાા દિવસમાં બે વખત.

અનુપાન—સમભાગે પાણી મેળવીને પીવું.

ઉપયોગ—સ્ત્રીઓનાં ઋતુદોષ, ગુલ્મ, રકતગુલ્મ, ખાંસી, શ્વાસ ક્ષય, ઉદરરોગ, હરસ, વાતરોગ, અપસ્માર, મંદાગ્નિ કોઠાનું શુળ, બગલ વગેરે પેટનાં તમામ રોગો મટે છે.

---

૧૧૦ બબુલારિષ્ટ.

બનાવટ—બાવળની છાલ તોલા ૨૦૦ પાણી તોલા ૨૦૦૦માં નાખી ઉકાળો કરી પાંચસો તોલા પાણી રહે ત્યારે ઉતારી કપડે ગાળી તેમાં ગોળ તોલા ૩૦૦ નાખી મેળવી તથા તેમાં નિચેની વસ્તુઓનુ ચૂર્ણ નાખી દોઢ માસ સુધી એક બરણીમાં નાંખી ભરી રાખવું.

ધાવડીનાં ફુલ તોલા ૧૬, પીપર તોલા ૨ જાયફલ, કબાબચીની, એલચી, તમાલપત્ર, તજ, નાગકેસર, લવંગ, મરી એ દરેક અકેક તોલો લઇ ચૂર્ણ કરી મેળવી દેવું. દોઢ માસ રાખ્યા પછી ગાળી લઇ છણી રહે ત્યાર બાદ ઉપયોગમાં લેવુ.

પ્રમાણ—૧થી ૨ાા તોલા દિવસમાં બે વખત.

અનુપાન—સમભાગે પાણી મેળવીને પીવું.

ઉપયોગ—ખાંસી, ક્ષય, સ્વરભંગ, કુષ્ઠ, અતિસાર. પ્રમેહ, શ્વાસ વગેરે દરદો મટી ગળું સાફ થાય છે. શ્વાસ નળીનાં દરદો અને સુકી ખાંસી માટે સારો ઉપાય છે.

---

૧૧૧ સારસ્વતારિષ્ટ.

બનાવટ—બ્રાહ્મી તોલા ૨૦, શતાવરી તોલા ૨૦, વિદારીકંદ તોલા ૨૦, વારાહીકંદ તોલા ૨૦, હરડેછાલ તોલા ૨૦, વાળો તોલા ૨૦, આદુ તોલા ૨૦, વરેઆરી તોલા ૨૦ પાણી તોલા ૧૬૦૦ મધ તોલા ૧૦૦, સાકર તોલા ૧૦૦ તથા ધાવડીનાં ફુલ તોલા ૨૦ રેણું કબીજ, પીપર, વજ, આસુંદ, ગળો, વાવડીંગ, નસોતર, લવંગ, કુષ્ઠ. બહેડાં એલચી, તજ, સોનાનાં વર્ક એ દરેક અકેક તોલો લેવાં. એનું ચૂર્ણ કરી જુદું રાખવું.

રીત—પ્રથમની આઠ દવાઓ અધકચરી બનાવી તેમાં પાણી નાંખી કવાથ બનાવી ચતુર્થાંસ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ તેમાં મધ તથા સાકર મેળવી. પછી તેમા નીચેની તેર દવાઓ નાંખી દઇ અને સોનાનાં વર્કને સાકરમાં ઘુંટી મેળવી દેવાં અને તેને દોઢ માસ સુધી બરણીમાં નાંખી મોં પેક કરી રાખી મુકવુ. પછી તેને કાઢી ગાળી પંદર દીવસ ઠરવા રહે કે ઉપયોગમાં લેવુ.

પ્રમાણ—તોલા ૧ાથી ૨ાા દીવસમાં બે વખત.

અનુપાન—સ્વચ્છ પાણી સમ ભાગે લઇ મેળવીને પીવું.

ઉપયોગ—મગજનાં તમામ દરદો, વાણીની અશુદ્ધતા, યાદ શકિતની ખામી, મંદબુધ્ધિ, માથાનું દરદ, વાઇ, હીસ્ટીરીયા. વાયુ, જ્ઞાનતંતુઓની નબળાઇ વગેરે મટી જઇ યાદ શકિત વધે તથા બુધ્ધિ સુધરે છે.

૧૧૨ પુનર્નવાદિકવાથ.

બનાવટ—સાટોડી, દારૂહળદર, હળદર, શુંઠ, હીમજ, ગળો ચિત્રકમુળ, ભારંગમુળ, દેવદાર, સર્વ સમભાગે લઇ કવાથ જેવો જાં ભૂકો કરી એક ડબીમાં ભરી રાખવો અને જરૂર જણાયે કવાથ રીતે કાઢો બનાવી ઉપયોગમાં લેવો. (એક ભાગ દવા ૧૬ ભાગ પા અષ્ટમાંસ રાખવું.)

પ્રમાણ—પ્રવાહી કવાથ ૨॥ તોલા (ભુકો તોલો ૧)

ઉપયોગ—સર્વાંગસોથ, હાથ, પગ, મોં અને ઉદર પર સોજો આ કવાથથી તરતમાં મટી જાય છે.

સૂચના—લગાડવા માટે **અરણીનાં પાનનો રસ** આ શરીરે લગાડવો તથા ખાવા માટે રોગાનુંસાર કોઇપણ દવા અથ **આરોગ્યવર્ધનીરસ** નામની દવા વાપરવાથી તરતમાં સારો ફાય થાય છે.

---

૧૧૩ દેવદાર્વાદિકવાથ.

બનાવટ—દેવદાર, વજ, કઠ, પીપર, શુંઠ, કાયફલછાલ, મોથ કરીઆતું, કડુ, ધાણા, હીમેજ, ગજપીપર, બેઠી ભોંરીંગણી, ગોખ ધમાસો, મોટી ભોંરીંગણી, અતિવિષ, ગળો, કાકડાશીંગી, શાહજી સમભાગે લઇ કવાથ કરવા જેવા જાડો ભુકો ખાંડી ડબામાં ભ રાખવો જરૂર જણાયે કવાથની રીતે કાઢો બનાવી ઉપયોગમાં લેવો.

પ્રમાણ—પ્રવાહી કવાથ તોલા ૨॥ (ભુકો તોલો ૧)

અનુપાન—શંશમની ગોળી સાથે આપવો.

ઉપયોગ—સુવાવડી સ્ત્રીનાં સર્વ રોગ, સુવારોગ, પેટનું શુ ખાસી, તાવ, શ્વાસ, મુર્છા, મસ્તકશુળ, કંપ, વાયુ, તાણુ વગેરે મ સુવાવડમાં વગર ઉપદ્રવે શરીરને નિરોગી રાખે છે. અને તેથી સુવાવડીને આ કવાથ બાર દીવસ પીવરાવવાનો ચાલ છે.

૧૧૪ મહામંજીષ્ઠાદિકવાથ.

બનાવટ—મજીઠ, નાગરમોથ, કડાછાલ, ગળો, કઠ, શુંઠ ભારંગી ભોંરીંગણી, વજ, નીમછાલ, હળદર, દારૂહળદર, હરડે, બહેડા, આમળાં પટોલપત્ર, કડુ, મોગવેલ, વાવડીંગ, બીયો, ચિત્રક, શતાવરી, ત્રાયમાણ પીપર, ઇન્દ્રયવ, અરડુસીનાં પાન, ભાંગરો, દેવદાર કાળીપાટ, કાથો, રતાંજળી, નસોતર, વાયવરણો, કરીઆતું, બાબચી, ગરમાળાનો ગોળ સાગની છાલ બકાનનીંમની છાલ, કરંજનીછાલ, અતિવિષ, વાળો, ઇંદ્રવારૂણીનુ મુળ ધમાસો, ઉપલસરી, ખડસલીઓ દરેક સમભાગે લઇ અધકચર્યા કરી ડબામા ભરી રાખવુ. અને જરૂર જણાયે કવાથની રીતે તૈયાર કરી વાપરવું.

પ્રમાણ—પ્રવાહી કવાથ તોલા ૨ાા (સુકો ભુકો તોલો ૧ા)

અનુપાન—કોઇ પણ ગુગળ વાળી લોહી સુધારનારી બનાવટ સાથે આ કવાથ વાપરવાથી સારો ફાયદો આપે છે.

ઉપયોગ—કુષ્ટ રોગ (ચામડીનાં દરદો,) વાતરકત, અડદાઓ વાયુ, ઉપદંશ ગરમીનો રોગ, શ્લીપદરોગ, ચામડીબ્હેરી થવી, પક્ષાઘાત મેદરોગ, નેત્રરોગ વગેરે મટાડી રકત શુદ્ધ બનાવે છે. લોહી સુધારનાર દવા તરીકે આ કવાથ બહુજ પ્રસિદ્ધ છે.

---

૧૧૫ મહારાસ્નાદિકવાથ.

બનાવટ—રાસ્ના ધમાસો, બલબીજ, એરંડમુળ, દેવદાર, કચુરો, વજ, અરડુસીના પાન, શુંઠ, ચવક, હરડે, નાગરમોથ, સાટોડી ગળો, વરધારો, વર્યાળી, ગોખરૂ, આસુંઠ, અતિવિષ, ગરમાળાનો ગોળ સતાવરી, પીપર, કાંટા શેળીઆનાં મુળ, ધાણા, બંન્ને ભોંરીંગણી, એ સર્વ સમભાગે લેવી. પરતુ રાસ્ના ચાર ભાગ લેવા. અને તેનો

વિધીસર ખાંડી જાડો ભુકો કરી ડબી ભરી રાખવો અને ઉપયોગ વખતે ઉકાળો કરી વાપરવો.

પ્રમાણ—પ્રવાહી ક્વાથ ૨॥ તોલા. (સુકો ભુકો ૧। તોલો)

અનુપાન—શુંઠ, પીપર, એરંડ તેલ, યોગરાજ ગુગળ કે બીજી કોઇપણ દવા ચાલુ હોય તે સાથે આ ક્વાથ પીવો.

ઉપયોગ—સર્વાંગવાયુ, કંપવાયુ, અર્ધાંગવાયુ, કુબ્જત્વ અપબાહુક, ગ્રધસી, આમવાત, શ્લીપદરોગ, અપતાનક, અંત્રવૃધ્ધિ, પક્ષાઘાત, આફરો, જાંગનોવાયુ, વીર્યાશય અને મુત્રાશયમાં રહેલો વાયુ, વંધ્યાદોષ, યોનીદોષ વગેરેમાં આ ક્વાથ વપરાય છે.

---

૧૧૬ દશમુલક્વાથ.

બનાવટ—શાલપર્ણીનાં મુળ, પ્રશ્નપર્ણીનાં મુળ, બેઠીભોંરીંગણીનાં મુળ, ઉભી રીંગણીનાં મુળ, ગોખરૂના મુળ, અથવા (એને લઘુપંચમુળ કહે છે.) એનાં દરેકનાં પંચાગ તથા બીલીનાં મુળ ઉપરની છાલ, અરડુસાના મુળની છાલ, શીવણનાં મુળની છાલ, પાટલાના મુળ, અરણી મોટીનાં મુળની છાલ એ દશ ઔષધો સમભાગે લઇ અધકચરી કરી ડબી ભરી રાખવી. અને જરૂર જણાય ત્યારે ક્વાથની રીતે પ્રવાહી ક્વાથ કરી લેવો.

પ્રમાણ—પ્રવાહી ક્વાથ તોલા ૨॥ (ભુકો તોલો ૧।)

સમય—દિવસમાં બે વખત.

ઉપયોગ—વાતકફજ્વર, ત્રિદોષજ્વર, સુવાવડી સ્ત્રીનાં સર્વ વિકારો, શોષ, શીતતા, ખાંસી, અતીપરસેવો, શ્રમ, દમ, તદ્રા, મસ્તકશુળ, વગેરે મટે છે. સુવાવડીને ત્રીજે દીવસથી દશવાસા સુધી આ ક્વાથ પાવાથી સર્વ વિકારો થતા અટકી શરીર શુધ્ધ થાય છે.

---

૧૧૭ અભયાદિકવાથ.

બનાવટ—હરડેછાલ, નાગરમોથ, ધાણાં, રતાંજલી, પદમક અરડુસીનાં પાન, ઇંદ્રયવ, વાળો, ગળો, ગરમાળાનો ગોળ, કાળીપાટ, શુંઠ, કડુ એ સર્વ સમભાગે લઇ કચરી ડબીમાં ભરી રાખવું અને કવાથ બનાવવાની રીત પ્રમાણે તૈયાર કરી લેવું.

પ્રમાણ—પ્રવાહી કવાથ તોલા ૨॥ (ભુકો તોલો ૧।) દિવસમાં બેથી ત્રણ વખત.

અનુપાન—પીપરનું ચુર્ણ કવાથમાં નાખીને પીવું.

ઉપયોગ—ત્રિદોષજ્વર, સાદોતાવ, કબજીઆત, તરસ, દાહ, ખાંસી, લવલવાટ, દમ, ઘેન, શોષ, અરૂચી વગેરે મટાડી મળ, મુત્ર, વાયુને છુટ કરી ઉલટી, હેડકી મટાડે છે આ કવાથ મુદતીયા તાવ તથા ત્રિદોષમાં વખણાય છે.

---

૧૧૮ સર્વનેત્રરોગહર અંજન.

બનાવટ—હીમેજ ઘીમા તળેલી તોલા ૧૦, ગાયના દુધનો માવો તોલા ૫, શુધ્ધ મોરથુથો તોલો ૧, ટંકણખાર તોલો ૧ સાચી રસવંતી તોલો ૧, ચીમેડનો મગજ તોલો ૧ જેઠીમધનો સીરો તોલો ૧ એ સર્વને જુદા જુદા બારીક વાટી એકત્ર કરી ખરલમાં નાખી દારૂડીના રસમાં ઘુંટી ગોળી વાળવા જેવું થતાં તેની લાંબી લાંબી વાટ બનાવી સુકાવી રાખવી.

ઉપયોગ—દુખવા આવેલી આંખો માટે, નેત્રવ્રણ, ફુલાં, ખીલ તાપોડીઆં, વારંવાર થતી આંજણી, પાણી ઝરવું, નવો મોતીઓ, વેલ, છારી, પરવાળાં, રતાંધળાપણું, ઝાંખ, પાંપણ ખવાઇ જવી ઇત્યાદી દરદોમાં આ દવા સારૂં કામ આપે છે. આંખને સાફ અને તેજસ્વી બનાવે છે.

વાપરવાની રીત—પથર પર જરા પાણી મુકી ઘસીને આખમા અંજન કરવું અને થોડીવાર સુઇ રહેવું સોજો વગેરે હોય તો બહાર પણ આંખની ચારે બાજુ કીનારી પાંપણ પર પણ દવા લગાડી આપી સુઇ જવું કે આરામ કરવો.

---

૧૧૯ નેત્રબિન્દુ.

બનાવટ—ટંકણખાર ફુલાવેલ તોલો ૦।, અફીણ તોલો ૦।, ફુલાવેલી ફટકડી તોલો ૦।, મોરથુથો તોલો ૦।= વરેઆરી તોલા ૦। સાકર તોલો ૦। ગુલાબજળ તોલા ૨૦.

રીત—પ્રથમ દરેક સુકી વસ્તુનું બારીક ચૂર્ણ લેવુ. અને અફીણને એક ચીનીના પ્યાલામાં કે ખરલમાં થોડા ગુલાબજળમાં ઘુંટીને રસ બનાવી તેમા ઉપરની વસ્તુઓનું ચૂર્ણ નાંખી સાફ ખરલમાં ઘુંટી તેમાં ધીમે ધીમે ગુલાબજળ ઉમેરી આપી એક બાટલીમાં ભરી ખુબ હલાવી બાર કલાક રહેવા દેવું અને ત્યાર પછી વગર હલાવ્યે કપડેથી છાણી લઇ એક કાચની ઢુચવાળી સ્વચ્છ શીશામાં ભરી રાખવું.

સમય—સવાર બપોર અને રાતના અથવા જરૂર મુજબ.

પ્રમાણ—બેથી ચાર ટીપાં આંખમાં નાખવાં.

ઉપયોગ—આંખ આવવી, રતાસ. છારી. ફુલું, ખટકો, ઝાંખ, પાણી ગળવું, તાપોડીઆ, ખોટી ગરમી, ચીપડા થવા, આંખ સુજી જવી વગેરે નેત્ર રોગમાં સ્ત્રી બાળક કે પુરૂષ સર્વ નિર્ભયપણે વાપરી શકે છે.

---

૧૨૦ દંતમંજન.

બનાવટ—શુદ્ધ મોરથુથુ તોલા ૧૦ ફુલાવેલ ટંકણખાર તોલા ૪૦ ફુલાવેલ ફટકડી તોલા ૪૦ ચાકનું ચુર્ણ તોલા ૧૦૦ તજનું ચુર્ણ તોલા ૫, લવંગનું ચુર્ણ તોલા ૫.

રીત—દરેક વસ્તુનું બારીક ચુર્ણ લઇ સાથે મેળવી કપડાથી ચાળી ડબીઓ કે બાટલીઓ ભરી લેવી.

પ્રમાણ—એક ચપટી જેટલું.

સમય—સવારનાં કે સવાર સાંજ બે વખત.

ઉપયોગ—દાંતે ઘસવાથી દાંત સ્વચ્છ તથા મજબુત બને છે. શુળ. રસી, સડો વગેરે દાંતની ફરિયાદો મટી મોં સ્વચ્છ તથા દાંત મજબુત બને છે. દાતનું દરદ હોય તેમણે આ મંજન ખાસ વાપરવું. મંજન લગાડી પછી તરતજ સ્વચ્છ પાણીથી પુષ્કળ કોગળા કરી નાંખવા.

ચેતવણી—આ મંજન મોંમાં ગળા નીચે ઉતરી ન જાય તેની ખાસ સંભાળ રાખવી કારણ તેથી ઉલટી થશે.

---

૧૨૧ સર્વવ્યાધિનાશક રસ.

બનાવટ—કપુર તોલા ૨ા. પીપરમેન્ટનાં ફુલ તોલા ૨ા અજમાના ફુલ તોલા ૨ા એલચીનો **અર્ક** તોલો ૧ા. (ટીંચર કાર્ડામમકો) લવેન્ડરનો અર્ક તોલો ૧ા (ટીંચર લવેન્ડુલા) સર્વ દવાઓ લઇ લવી.

રીત—પ્રથમ કપુરને ખરલમાં છુંદી લઇ એક કાચના બુચવાળી બાટલીમાં નાંખી તેમાં બાકીની ચીજો નાંખી જરા હલાવી બાર કલાક એક જગ્યાએ બંધ **બાટલી** રાખી મુકવાથી રાતા રંગનું પ્રવાહી તૈયાર **થશે** તેને કપડે ગાળી મજબુત બુચવાળી (સ્ટોપર) બાટલીમાં ભરી **મુકવું**.

પ્રમાણ—૫થી ૧૦ ટીપાં બાળક માટે ૧થી ૨ ટીપા.

અનુપાન—સ્વચ્છ પાણી અથવા પતાસામાં નાખીને લેવી.

સમય—જરૂરત પ્રમાણે અથવા બેથી ચાર કલાકે.

ઉપયોગ—ઝાડા, ઉલટી, વાયુ, ચુંક સરદી, ખાંસી, તાવ, ન્યુમોનીઆ, કોલેરા, મસ્તક શુળ, શળેખમ, ઝેરી પ્રાણીઓનાં ડંખ, દાઢનું દરદ, પેટનાં તમામ દરદો, કોલેરા, પ્લેગ, પ્લેગની ગાંઠ સોજા વાનું દરદ, કમરનું દરદ, છાતીનું દરદ, પાર્શ્વશુળ, આંચકી, બાળકોના ઝાડા, શ્વાસ, ખાંસી, દાંત આવતી વખતે થતાં દરદો, ખુજલી વગેરે વ્યાધિ માટે લગાડવાથી તથા પીવાથી સારો ફાયદો તરતમાં થાય છે.

---

૧૨૨ માથાનો મલમ (બામ).

બનાવટ—દાલચીનીનું તેલ તોલા ૨ા, એલચીનું તેલ તોલા ૨ા પીપરમેન્ટ તોલા ૨ા, કપુર તોલા ૨ા, અજમાના ફુલ તોલા ૨ા ચાનું તેલ તોલો ૧ા વેસેલાઇન રતલ બે.

રીત—પ્રથમ થોડી ગરમી ઉપર એક ચીનીના વાસણમાં વેસેલાઈન ગરમ કરી તેમાં ઉપરના વસાણાં મેળવી દેવાં અને પછી કાચની પેચવાળી શીશીઓ લાવી તેમાં દવા ઝટ ભરી લેવી.

ઉપયોગ—ફક્ત લગાડવા માટેજ.

ફાયદો—માથાનું દરદ, સંધિવા, શરદી, ખાંસીનું દરદ લચક શળેખમ, પીઠનું દરદ, પાર્શ્વશુળ ઝેરી પ્રાણીઓનો ડંખ વગેરે પર દવા ઘસવાથી આરામ થાય છે.

---

૧૨૩ દાદરની દવા.

બનાવટ—ગંધક ૧ ભાગ ફટકડી ૧ ભાગ, ટંકણ ૧ ભાગ.

રીત—ત્રણ વસ્તુઓનું ચૂર્ણ લઇ ખરલમાં બારીક વાટી તેમાં થોડુંક લીંબુનું રસ નાખી ઘુંટવાથી એક રસ મલમ જેવો થઇ જશે.

ઉપયોગ—જ્યાં દાદર હોય ત્યા લગાડવી

સમય—રાતનાં દરાજ ઉપર દવા ચોળી સવારે જરા ગરમ પાણીથી કે સાબુથી ધોઇ સાફ કરવું.

ફાયદો—તમામ જાતની દાદર જડમાંથી મટી ચામડી સ્વચ્છ બને છે.

---

૧૨૪ મુખપાકનાશક ગંડુષ.

બનાવટ—ફટકડી તોલો ૧ ટંકણખાર તોલો ૧
મોરથુથો તોલો ૦। પાણી તોલા ૮૦

રીત—પ્રથમ એક સાફ વાસણ લઇ તેમાં ઉપરની દવાઓ તથા પાણી મેળવી હલાવી કપડે ચાળીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક ગ્લાસ આશરે ઉપરનું પ્રવાહી લઇ તેના કોગળા કરવા.

સમય—દિવસમાં ત્રણ ચાર વખત કોગળા કરવા.

ઉપયોગ—મુખપાક, મોંની ચાંદીઓ, છાલાં, રસી, દાંતનું દરદ, દાંતની રસી, સડો, વગેરે મટી મોં સ્વચ્છ થાય છે.

---

૧૨૫ બાલામૃત.

બનાવટ—કેલશીયમ હાઇપોફાસફેટ તોલા ૧૦, પાણી તોલા ૮૦માં નાંખી મેળવી તૈયાર કરી લેવું. પછી સાકર શેર ૪ (રતલ ૮) લઇ પાણીમાં નાંખી ઉકાળી ચાસણી તૈયાર થાય ત્યારે તેમાં ઉપરની દવા નાખી દેવી અને ફરી પાછું પાણી બળતાં મધ્યમ પાક શરબત જેવી ચાસણી થાય ત્યારે ઉતારી લેવી, અને કપડે ગાળી ઠંડુ થયે બાટલી ભરી રાખવી. રંગ લાવવા માટે વિલાયતી કલર થોડાક નાખી દેવો કે જેથી ગુલાબી રંગ સારો થશે.

પ્રમાણ—૦।થી ૧ તોલો દિવસમા બે વખત.

અનુપાન—પાણી કે દુધ સાથે

ઉપયોગ—ખાંસી, નબળાઇ, હાડકાંનો ક્ષય, બાળશોષ, પેશાબમાં ક્ષાર જવો, શરીરે કૃશ રહેવું વગેરે નાનાં મોટાં બાળકોને અસ્થીની નબળાઇનાં દરદો મટાડી શરીરે રૂષ્ટ પુષ્ટ બનાવે છે.

સૂચના—વિલાયતી બનાવટ છે માટે સંભાળીને બનાવવું તથા વાપરવું. એકદમ શરદીના ઉપદ્રવમાં આ દવા નાનાં બાળકોને આપવી જોઇએ.

---

૧૨૬ એગ્યુમિક્શ્ચર.

બનાવટ—કુવીનાઇનસલ્ફ ઔંસ ૧, એસીડ નાઇટ્રોમ્યુરાટીક ડાઇલ્યુટ ઔંસ ૧ા, ગ્લીસરાઇન ઓંસ ૧ા, લાઇકર આરસેનીકલીસ ડ્રામ ૫ એમોનીઆ કલોરાઇડ ઓંસ રાા. ટીંચર ઓરેન્ડ્યાઇ ઓંસ ૧! શરબત સાદું ઓંસ ૧૬.

રીત—પ્રથમ કાચના વાસણમાં કુવીનાઇન મુકી તેમાં ઉપરથી ધીમેધીમે એસીડ નાઇટ્રોમ્યું નાખવું પછી તે પીગળી જાય ત્યારે તેમાં એકેક દવા નાંખતા જવું અને હલાવી બરાબર મેળવી દેવું છેવટે શરબત મેળવી કુલ્લે ૨૪ ઔંસ માપ કરી લઇ તેમાં લાલરંગ લાવવા માટે શરબતમાં વપરાય છે તેવો ગુલાબી કલર દશ ટીપાં નાખી હલાવી કપડે ગાળી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—ડ્રામ ૧ થી ૧ાા સુધી દિવસમાં ૩ વખત.

અનુપાન—મિક્શ્ચર સાથે દરેક ભાગમાં પાણી ઔંસ એક મેળવીને પી જવું.

ઉપયોગ—તાવ અટકાવવા તથા ઉતારવા માટે આ દવા વપરાય છે. બજારમા પેટંટથી મિક્શ્ચરો મલે છે તેમાંના કેટલાક આવીજ બનાવટના છે. વિલાયતી બનાવટ છે માટે સંભાળથી વાપરવું.

સૂચના—પ્રથમ જુલાબ આપી પેટ સાફ કરી પછી આ દવા આપવાથી તરત સારી અસર થાય છે.

પરિશિષ્ટ ૧લું.

દવાઓનું તોલ તથા માપ.

૧ ગ્રેન	આશરે	૧ ઘઉંભાર	
૨ ગ્રેન	,,	૧ રતીભાર	
૩ રતી	,,	૧ વાલ	
૮ રતી	,,	૧ માસો	
૧૨ રતી	,,	૪ વાલ ૧/૮ તોલો	સુકી દવાઓ માટે.
૨૪ રતી	,,	૮ વાલ ૧/૪ તોલો	
૪૮ રતી	,,	૧ ગદીઆણો ૧/૨તો.	
૯૬ રતી	,,	૧ તોલો	
૮૦ તોલા	,,	૧ શેર (બંગાલી)	
૪૦ શેર	,,	૧ મણુ (બંગાલી)	

આ ગ્રન્થમાં ઉપરનુ તોલ ખાસ કરીને ઉપરનું તોલ માપ વપરાએલ છે.

૧ મીનીમ	,,	૧ ટીપું	
૬૦ ટીપાં	,,	૧ ડ્રામ	
૪ ડ્રામ	,,	૦ાા ઔંસ ૧ા તો.	
૮ ડ્રામ	,,	૧ ઔંસ ૨ા તો.	પ્રવાહી દવાઓ માટે.
૧૬ ઔંસ	,,	૧ પૌંડ (રતલ)	
૨ રતલ અને બે રૂપીઆ ભાર	,,	૧ શેર (બંગાલી)	
૪૦ શેર	,,	૧ મણુ (બંગાલી)	

ઉમર પ્રમાણે દવાની માત્રા આપવાની સમજણનો કોઠો.

૧૭થી ૬૦ વર્ષ સુધી.	૧૦થી ૧૬ વર્ષ સુધી	૫ થી ૯ વર્ષ	૩ થી ૪ વર્ષ.	૧માસથી ૨વર્ષ
૩ રતીભાર	૧ા રતીભાર	૦ાા રતીભાર	૧ ગ્રેન	૦ાા ગ્રેન
૬ રતીભાર (બેવાલ)	૩ રતીભાર (૧ વાલ)	૧ાા રતીભાર	૧ રતીભાર	૧ ગ્રેન
૦ા તોલો	બે આનીભાર	બે વાલ	ચાર રતીભાર	૩ ગ્રેન
એક તોલો	૦ાા તોલો	૦ા તોલો	બે આનીભાર	૨ વાલ
અઢી તોલા	૧ા તોલો	૦ાા તોલો	૦ા તોલો	૪ વાલ

ઉપર મુજબ ખાસ અનુકુળ પ્રમાણ સાધારણ દવાઓ માટે ગોઠવેલું છે પરંતુ ધ્યાનમાં રાખવું કે જેરી દવાઓ હોય ત્યારે પુરો વિચાર કરી દરદીનું બળ, રોગનું પરિબળ, સમય, પ્રકૃતિ દેશ, કાળ વગેરેનો યોગ્ય વિચાર કરી અવસ્થાનુસાર દવા આપવી જોઈએ

દવાઓ બનાવવા માટે તેમજ બીજી કેટલીક સૂચનાઓ.

૧ પાઠમાં લખ્યા પ્રમાણે વજન કરી દરેક દવા લેવી જોઇએ. જ્યાં વજન લખેલું ન હોય અને **સમભાગ** લખેલું હોય ત્યાં દરેક દવાનું ગમે તેટલુ એકજ તોલ પ્રમાણે વજન લેવું જોઇએ. દરેક દવા સુકી, સારી, નવી અને ખાત્રી કરીને લેવી જોઇએ જે જે દવાઓ લીલી મળતી હોય ને ત્યા લખેલું હોય કે **લીલી લેવી** તે દવા તેટલા લખેલા પ્રમાણમાંજ લેવી જોઇએ.

૨ મધ જુનું એટલે એક વષ પછીનું લેવું. અને જ્યાં નવું લખેલું હોય ત્યા તાજુ લઇ શકાય. જુનું મધ કફ ઘટાડવા માટે તેમજ નવું મધ પૌષ્ટિક કામમાં વપરાય છે. બનાવટી મધ મધના ગુણથી વિરૂદ્ધ અસર બતાવે છે માટે તે ન લેવાય તેની ખાત્રી પ્રથ-થીજ કરી લેવી જોઇએ.

૩ તમામ ઝેરી દવાઓ જેમકે સોમલ, વછનાગ, ગંધક, હર-તાલ, પારો, હિંગળો, રસકપુર, ઝેરકોચલાં, મનસીલ, ભીલામા, કણેર આકડો, મોરથુથુ, ટંકણ નેપાળો, ચણોઠી, ધાતુ, ઉપધાતુ, વિષ, ઉપ વિષ ઇત્યાદિ શુધ્ધ કરીને લેવાં જોઇએ. આ ગ્રન્થમાં કયાં પણ તે માટે કદાચ સૂચના કે શુધ્ધ ન લખાયું હોય ત્યા તેવી દવાઓ માટે **શુધ્ધ દવા લેવી** એમ સમજવું.

૪ **ઓષધો અને તેની બનાવટ** આ મથાળા નીચે બીજા ભાગના અંતમાં આપેલા પરિશિષ્ટમાં બધી બનાવટોની રીત જાણી લેવાની છે. બનતાં સુધી દરેક બનાવટમાજ યોગ્ય ખુલાશો લખવામાં આવેલ છે. છતાં વધુ જાણવા માટે ત્યાં ખુલાસો જોઇ લેવાનો છે.

૫ દવાઓનું તોલ માપ જાણવા આ સાથે કોષ્ટક તથા માપ આપેલાં છે. જે હાલના સમયને અનુકુળ તથા પ્રાચિન રીતને મળતા આવે તેવાજ રૂપમાં ગોઠવ્યું છે અને આ ગ્રન્થમા પણ તેજ તોલ માપ પ્રમાણે સર્વ જગ્યાએ લખવામાં આવેલું છે.

૬ ચૂર્ણ ત્રણ માસ પછી, ગોળી એક વર્ષ પછી, ગુગળવાળી બનાવટ બે વર્ષ પછી અને કવાથના ભુકા બે માસ પછી હીન ગુણવાળાં થતાં જણાય છે. પરંતુ રસાયન દવાઓનું મીશ્રણ હોય તેવી બનાવટો ચારથી છ વર્ષ સુધી સારી હાલતમાં રહેતી જણાય છે. જ્યારે ભસ્મ, આસવ, કુપીપકવ રસાયન, ધાતુની કે રસની મુળ બનાવટો હોય તે તો જુનાં થાય તેમ વધુ ગુણવાળી બને છે. દવાને હમેશાં સભાળીને બંધ બુચવાળી બાટલીમાં કબાટમાં સંભાળી રાખવી જોઇએ. ખુલ્લી દવા રાખવાથી તે તરતજ ખરાબ થઇ જાય છે.

૭ દરેક દવા બનાવ્યા પછી સારી પેઠે સુકવી કે સાફ કરી પછીજ બાટલીમાં ભરી રાખવી. જરા પણ ભીનાસ રહેતા ચૂર્ણ કે ગોળી અથવા ગુગળ બગડી જવા સંભવ છે.

૮ વનસ્પતિને ખુલી હવામાં રહે તેવી રીતે ગુણીમાં રાખવી. ડબામાં ભરી રાખવાથી જલદી બગડે છે. ભરી રાખેલી દવા હમેશાં જોવી કે તડકે સુકવવી એ બગડતી અટકાવવા સારો ઉપાય છે.

૯ કવાથ વગેરે માટે ધાતુ પાત્ર પીતળના તપેલાં કલઇ આપેલા હોય તે વધુ અનુકુળ થાય છે. તેલની બનાવટ માટે પણ આવુંજ પાત્ર અથવા લોખંડનું કડાઇયું ઠીક થાય છે.

૧૦ આસવ માટે માટીનાં રીઢાં વાસણ મળે તો તે વાપરવાં પરંતુ તે શહેરોમાં મળવાં કઠણ હોવાથી તેની જગ્યાએ એસીડવાળી ખાલી ચીનાઇ માટીની બરણી આવે છે તે વધુ ઠીક થઇ પડે છે.

૧૧ દવા બનાવવા માટે જેમ બને તેમ પોતાની રૂબરૂમાં તૈયાર કરવી. બહારનો કચરો અંદર ન આવે તથા કોઇ પણ તેમાં ખરાબ વસ્તુ ન ચાલી જાય તે ધ્યાનમાં રાખવું. ખાટી દવા હોય ત્યાં ખાસ કરી માટી, પત્થર, કે ધાતુનું કલઇ કરેલું વાસણ લેવું જોઇએ. નહિં તો ખટાશથી કાટ લાગી દવાનો પાક બગડી જઇ લાભને બદલે હાની કર્તા થઇ પડે છે.

૧૨ દવા બનાવ્યા પછી દવાની બાટલી પર હમેશાં તેનું નામ માત્રા અનુપાન વગેરે ખુલાસો સારા અક્ષરે લખીને તેવું લેબલ ચોડી દેવું કેમકે તેમ ન કરવાથી વખતે ભૂલ થાય છે અને પરિણામે હાની ભોગવવી પડે છે.

૧૩ દવા બનાવવા માટે ખરલ, બતો, ખાંયણી, દસ્તો, ચાળણી વગેરે ચીજો સાફ રખાવવી દવા બનાવ્યા પહેલાં તે બરાબર સાફ કરી પછી કામમાં લેવું જોઇએ.

૧૪ ઝેરી દવાઓને હમેશાં સુરક્ષીત સ્થળે બંધ કબાટમાં રાખવી. કેમકે તે દવાઓથી વખતે ભૂલચુક થવા ન પામે.

૧૫ દવા બનાવી તૈયાર કર્યા પછી તેનો રંગ સ્વાદ, વાસ, રૂપ ઇત્યાદી બરાબર જોવું. અને તેજ દવા ફરી જ્યારે બને ત્યારે તેવાજ રૂપમાં થાય તેની ખાસ કાળજી રાખવી જોઇએ. તેમ કરવાથી તે દવા ગુણમાં પ્રથમ જેવી (સારી) શંકા વગરની અને એકજ ધોરણ વાળી બને છે. જેથી બીજા લઇ જનાર ગ્રાહકોને શંકા આવે નહિ.

૧૬ ભસ્મો બનાવવાની રીત, રસાયન પદાર્થોની શુધ્ધિ તથા દવાની તમામ બનાવટ તથા ઔષધ પ્રતિનીધી વૈદ્યકના અઘરા શબ્દોનો કોષ, યંત્રો બનાવવાની રીત વગેરે બીજા અથવા ત્રીજા ભાગના અંતમાં ખુલાસાવાર બતાવવામાં આવશે.

૧૭ થોડા પ્રયોગોમાં કેટલીક વિલાયતિ રૂપમાં મળતી દવાઓ (જે દેશીની જગ્યાએ વિલાયતી વધુ સાફ હોવાથી વપરાય છે) જેમકે સોડા બાયકાર્બ (સાજીખાર) એમોનીઆ કલોરાઇડ (નવસાર) આવી દવાઓ બજારમાં વિલાયતી દવા વેચનારને ત્યાંથી મળે છે. તે જરૂર જણાયે ત્યારે લઇ લેવી.

૧૮ આ ગ્રન્થમાં જે કંઇ પ્રયોગો લખેલા છે તે અમારા અનુભવી છે. જો કે તેમાંના ઘણે ભાગે તો શાસ્ત્રિય હશે પરંતુ જ્યાં તેમાં કંઇ ફેરફાર કે જુદાઇ જણાય ત્યાં શંકા નહિ કરવી. કેમકે તેવા સ્વરૂપમાં અમોએ બરાબર વિચારીનેજ ગોઠવેલા છે.

૧૯ અનુભવના ખાનગી પ્રયોગો કેટલાક અમારે ત્યાં પેટંટ રૂપમાં પણ તૈયાર કરી વેંચવામાં આવે છે. પણ તેમાં કંઇ ફેરફાર કર્યા શિવાય અમોએ તે બરાબર લખેલા છે.

૨૦ ક્યાંય પણ શંકા જણાતાં બરાબર વિચારીને કામ કરવું અને અમારી ભુલ કે શરત ચૂક જણાય તો અમોને સૂચના આપવા ચૂકવું નહિ કંઇ પણ ખુલાશો અમોને પુછવાથી અમો આપશુ.

પ્રથમ ભાગ સમાપ્ત.

આ ગ્રન્થમાં

લખેલી તમામ બનાવટો કે તેમાંથી કોઇ પણ એક દવા તૈયાર ખરીદવા ઇચ્છા થાય તો

નીચેને ઠેકાણે એક ઓરડર આપી ઔષધો મંગાવી લેશોજી.

અમારે ત્યાં આ ગ્રન્થમાં બતાવેલા પાઠ મુજબ દરેક દવાઓ વિધીસર તૈયાર કરવામાં આવે છે.

ભાવ કીફાયત!

વધુ ખુલાશો જાણવા માટે મોટુ સુચીપત્ર મંગાવો.